પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૮/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

**સુવિચાર**
જીવનમાં નિર્માણ થતી દરેક સારી ખરાબ વસ્તુનો પાયો ઘરમાંથી જ ઘડાય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

# અમરેલી એક્સપ્રેસ

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૦૫

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
કીડની · Prostate Cancer · પ્રોસ્ટેટ · પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૦-૦૮-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## હું તો કાગળીયા લખી લખી થાકી, દિલ્હી બેસેલા ભઈલા તને મનમાં નથી

# ભાઈ સા'બ : અમરેલી જિલ્લાની બહેનોને ન્યાય આપો

- જિલ્લામાં આંગણવાડી વર્કર તરીકે સુવિધા વગર મામુલી વેતનમાં ફરજ બજાવતી બહેનોને રક્ષાબંધને ન્યાય મળવો જોઈએ
- ઘણા સમયથી રેલી, આવેદન છતાં તંત્રનાં પેટનું પાણી હલતું નથી
- સુત્રોચ્ચાર અને રેલી સાથે મહિલાઓએ સેવા સદનમાં રોષભેર પ્રવેશ કર્યો
- ગાંધીબાગમાં એકત્ર થઈને મહિલાઓએ અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લાની આંગણવાડી વર્કરોએ આજે ગાંધીબાગ ખાતે એકત્ર થઈને બાદમાં રેલી અને સુત્રોચ્ચાર સાથે જિલ્લા સેવા સદનમાં રોષભેર પ્રવેશ કરીને તેમની માંગ સાથે અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

ગુજરાતની એક લાખ આંગણવાડી વર્કર-હેલ્પર બહેનો ગુજરાત સરકારની તમામ યોજનાઓને ગ્રામ્ય સ્તર સુધી અમોમાં મુકવા માટે સતત કામગીરી બજાવે છે.

કેન્દ્ર સરકારનો આ પ્રોજેકટ છે છતાં કેન્દ્ર સરકાર ધ્વારા ૨૦૧૮ પછી કોઈ જ માનદ વેતનમાં વધારો કરાયો નથી. તે પરત્વે એક લાખ આંગણવાડી બહેનોમાં ભારે રોષ છે. ૨૦૨૪નાં કેન્દ્ર સરકારનાં બજેટમાં વધારો મળશે તેવી આશા તમામ બહેનોએ રાખી હતી પરંતુ કેન્દ્રીય બજેટમાં વધારો જાહેર કરાયેલ નથી તે સામે પણ તમામ બહેનોમાં રોષ છે. તેથી આપને વિનંતી કરીએ છીએ કે, ગુજરાત સરકાર ધ્વારા ૨૦૨૩માં શ્રમજીવીઓનાં લઘુત્તમ વેતનમાં વધારો જાહેર કરેલ છે. જે રૂા. ૪૯૬ દૈનિક વેતન કરેલ છે. આંગણવાડી વર્કર-હેલ્પરને લઘુત્તમ વેતન આપવું જોઈએ. ત્રણ માસનાં આંદોલન બાદ પણ સરકારે માંગણીઓનો ઉકેલ લાવેલ નથી. ત્રણ માસના પગાર વધારા ઉપરાંત ઉકેલી શકાય તેવી માંગણીઓ પણ રજુ કરી હતી તે પૈકી એક પણ માંગણી .કેલાઈ નથી.

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્થાનિક પોલીસની સર્વેલન્સ ટીમનો સપાટો

## લાઠીનાં રામપર ગામેથી ટ્રેકટર ચોરી કરી નાસી છૂટેલ આરોપી ઝડપાયો



અમરેલી, તા. ૯

લાઠી તાલુકાનાં રામપર ગામે રહેતા ખોડભાઈ પોપટભાઈ બોદર

અનુસંધાન પાના ૬ ઉપર

## શ્રી સોમનાથ મહાદેવને નાગ દર્શન શ્રૃંગાર



શ્રી સોમનાથ મહાદેવને શ્રાવણ શુકલ પંચમી એટલે કે નાગપંચમી પર નાગદર્શન શણગાર કરવામાં આવ્યો હતો. સોમનાથ મહાદેવનાં જયોતિલિંગ પર નાગરાજ વાસુકીનું ચિત્ર તૈયાર કરીને નાગ દર્શન શૃંગાર કરવામાં આવ્યો હતો. આ સાથે નાગરાજની ૨ પ્રતિકૃતિને પણ સોમનાથ મહાદેવના શૃંગારમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું. શ્રાવણ મહિનો ભગવાન શિવને અર્પિત છે એજ રીતે શ્રાવણ મહિનાથી પંચમી નાગ દેવતાની આરાધના માટે શ્રેષ્ઠ ગણાય છે. નાગરાજ વાસુકીએ પોતાનું સર્વસ્વ અર્પણ કરીને મહાદેવની ભકિત કરી હતી અને તેનાથી પ્રસન્ન થઈને શિવજીએ નાગરાજને પોતાના અનન્ય ભકત તરીકે પોતાનાં ગળામાં ધારણ કર્યા હતા. શિવલિંગ સાથે નાગદર્શનથી ભકતનાં પાપ નષ્ટ થાય છે. સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ત્યારે આજે સોમનાથ મહાદેવની સાથે તેમના પ્રિય આભૂષણ નાગરાજના દર્શન કરી ભાવિકો ધન્ય થયા હતા.

પવિત્ર શ્રાવણ માસ નિમીતે અમરેલીના માનવંતા ગ્રાહકો માટે
મેગા એક્ષચેન્જ ઓફર
તારીખ 6-8-2024 થી 2-9-2024 સુધી...
કોઈપણ કંપનીનું જુનું ફ્રીઝ, વોશીંગ મશીન તથા ઘરઘંટી એક્ષચેન્જ કરાવી
₹3000 સુધી ફાયદો મેળવો
SAMSUNG · BPL · IFB · NATRAJ · Kelvinator · LG · BOSCH · MITSUBISHI ELECTRIC · Micro
₹ 10,000 ની ખરીદી પર સોનાની ફ્રી ગીફ્ટ
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE · BAJAJ FINSERV · HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન: ૦૨૭૯૨-૨૨૩૩૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
61,950/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૯/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## ભારતીય જનતા પાર્ટીનાં અગ્રણી રાજુભાઈ મિલનને સીએમને પત્ર પાઠવવો પડયો

# અમરેલીની સિટી સર્વે કચેરીમાં પાંચ વર્ષથી જરૂરી કામો પડતર

**ફારગતી દસ્તાવેજ, ચુક દસ્તાવેજ, વેચાણ દસ્તાવેજની નોંધ પાડવામાં આવતી નથી**


**વર્ષો સુધી મિલ્કતની નોંધ ન પડતાં જનતા જનાર્દનમાં નારાજગી**

**યુધ્ધનાં ધોરણે મિલ્કતની નોંધ પાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી**

**વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં ભાજપનાં અગ્રણીએ જ રજૂઆત કરવી પડી રહી છે**

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં જુદા–જુદા સરકારી વિભાગો ચલાવવા પાછળ જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનો ખર્ચ એટલા માટે કરવામાં આવે છે કે જેનાથી જનતાનાં રોજબરોજનાં કાર્યોનો ઝડપથી નિકાલ થઈ શકે પરંતુ સરકાર માત્ર વાયબ્રન્ટ અને ગતિશીલ તેમજ ડીજીટલનાં ગાણા ગાઈ રહી છે.





અમરેલીની સિટી સર્વે કચેરીમાં છેલ્લા પાંચ વર્ષથી વેચાણ દસ્તાવેજ, ચુક દસ્તાવેજ વિગેરે કામગીરીની નિયમ પ્રમાણે નોંધ પડતી નથી અને જનતા તોબા પોકારી ચુકી છે. તેવા સમયે ભાજપનાં અગ્રણી રાજુભાઈ મિલને રાજયનાં મુખ્યમંત્રીને વેદનાપત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મહેસુલ વિભાગ ધ્વારા દસ્તાવેજનાં ઈન્ડેક્ષ આધારિત પ્રોપર્ટી કાર્ડમાં નોંધ દાખલ કરવાની સ્પષ્ટ જોગવાઈ સુચવેલ છે. પરંતુ અમરેલી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ ધ્વારા પાંચ વર્ષથી વધુ સમયથી મિલ્કતનાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ, ફારગતી દસ્તાવેજ, ચુક દસ્તાવેજ વિગેરેનાં ઈન્ડેક્ષ આધારિત નોંધ કરવામાં અનિયમિતતાઓ દાખવી નોંધ પાડવામાં વ્યાપક વિલંબ/કસુર કરાઈ રહેલ છે. જેને લઈને જનતાની પારાવાર મુશ્કેલીઓ વધે છે અને જનતા ત્રાહિમામ થઈ રહેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને રાખી, સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ અમરેલી ધ્વારા છેલ્લા ૫ વર્ષનાં દસ્તાવેજ, ફારગતી, ચુક દસ્તાવેજનાં પડતર ઈન્ડેક્ષ તેમજ સબરજિસ્ટ્રાર કક્ષાએથી છેલ્લા ૫ વર્ષથી ન પાઠવેલ ઈન્ડેક્ષ મેળવી તમામની નોંધ પ્રોપર્ટી કાર્ડમાં કરવા અંગે તાકિદની સુચના આપવા અંતમાં માંગ કરેલ છે.

---

**દડવા રાંદલ માનાં પરમ ભકત અને**

## અમરેલી શહેરનાં રઘુવીર સેનાનાં પ્રમુખ પિયુષ સોનપાલનો આજે જન્મદિવસ

**સગા–સંબધીઓની ઉપસ્થિતિમાં માતાને થાળ ધરશે**

અમરેલી, તા. ૯

અમરેલી શહેર રઘુવંશી સમાજનો અર્ધી રાત્રી હોકારો સમાન – રઘુવંશી આગેવાન અને અમરેલી રઘુવીર સેનાનાં પ્રમુખ વિપુલભાઈ સોનપાલનો આજે જન્મ દીવસ છે. આજના દિવસને યાદગાર બનાવવા માટે પિયુષભાઈ સોનપાલ પોતાનાં સગા–વ્હાલા અને વિશાળ મિત્ર મંડળને લઈને દડવા રાંદલમાનાં આર્શીવાદ મેળવી પ્રસાદ થાળ ધરશે. અને બધાની સાથે સમુહ પ્રસાદ ભોજન લઈ પોતાનો જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરશે. રઘુવશી શ્રેષ્ઠી પિયુષભાઈ સોનપાલ–વિન્રમ અને માયાળુ સ્વભાવ ધરાવે છે. અને લાગણીશીલ અને મળ તાવડા હોવાથી તેઓ એક સુંદર વ્યકિતત્વ ધરાવનાર વ્યકિત છે. જેઓ તમામ સાથે સુમેળ અને લાગણીભર્યા સંબંધો રાખે છે. કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારની અગવડતા હોય અને પિયુષભાઈનો સંપર્ક કરે તો તેની



અડગવતા દુર કરવા તમામ પ્રયત્ન કરી લોકોની અગવડતા દુર કરે છે. પિયુષભાઈ સોનપાલ અમરેલી શહેરમાં આર.ટી.ઓ. લગત કામગીરી અગ્રણી નામ પૈકીનું એક નામ છે. તેઓ રઘુવંશી સમાજના સંગઠન અને વિકાસ માટે ખુબ પ્રયત્નશીલ છે. આવું સુંદર વ્યકિતત્વ ધરાવનાર અમરેલી શહેર રઘુવીર સેનાનાં પ્રમુખ પિયુષભાઈનું હુલામણું નામ મોન્ટુભાઈને અખીલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના સુપ્રિમો અને જુનાગઢની કોર્પોરેશનના ડેપ્યુટીમેયર ગીરીશભાઈ કોટેચા, મહામંત્રી કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા, અમરેલી જિલ્લાના હોનાદર પ્રમુખ વિશાલભાઈ સોઢા, ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયા, સાવરકુંડલાથી મહેશભાઈ મશરૂ, પિતેશભાઈ માનસેતા, ભાવેશભાઈ સોઢા, સંજયભાઈ વણજારા, બિરજુભાઈ અટારા, રવિભાઈ ભોમજીયાણી, લીલીયાથી કિરીટભાઈ રવાણી, બાબરાથી રિષીભાઈ રૂપારેલીયા, બગસરાથી મોહીત મસરાણી, દામનગરથી હાર્દીકભાઈ શીંગાળા, વડીયાથી મિતુલ ગણાત્રા, તુષાર ગણાત્રા, સહિત જિલ્લાભરનાં આગેવાનો, સગા–સ્નેહીઓ, તથા મિત્રો, પિયુષભાઈના ઉજવળ ભવિષ્ય માટે આર્શીવાદ સાથે અભિનંદન અને શુભકામના મો.નં. ૮૫૩૦૩ ૯૯૯૯૯ ઉપર પાઠવી રહયા છે. પિયુષભાઈ સોનપાલે પોતાનાં જીવનના સફળતાપુર્વક ૪૯ વર્ષ પુરા કરી આજે ૫૦ માં વર્ષ શુભ પ્રયાણ કરશે.

---

## મોટા ઝીંઝુડા ગામના સેવાભાવી જસુભાઈ ખુમાણનો આજે જન્મ દિવસ

અમરેલી, તા. ૯

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામના વતની અને અમરેલી જિલ્લા કાઠી શ્રત્રિય સમાજના યુવા અગ્રણી, મોટા ઝીંઝુડા સેવા ટ્રસ્ટી, સાવરકુંડલા તાલુકાની સોનલ માં ઈન્ડિયન ગેસ એજન્સીના માલિક, સંતપ્રેમી તેમજ વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલ સેવાભાવી જસુભાઈ બાવભાઈ ખુમાણનો આજે જન્મદિવસ હોવાથી તેમનો મોબાઈલ નંબર ૯૯૯૮૩ ૮૩૬૬૬ પર સાધુ



સંતો, સામાજીક, રાજકીય અગ્રણીઓ જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

---

**ખાંભાનાં નાના બારમણ ગામની ઘટના**

## પતિએ દિકરીઓને મોબાઈલ જોવા આપતાં પત્નીએ ના પાડતા બઘડાટી

**પત્નીએ પતિ વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૯

ખાંભા તાલુકાના નાના બારમણ ગામે રહેતા ભારતીબેન અનીલભાઈ પરમાર નામની ૩૦ વર્ષિય પરિણીતાના પતિ આરોપી અનીલભાઈ અરજણભાઈ પરમાર પોતાની દિકરીઓને મોબાઈલ જોવા આપતા હોય. જેથી પત્નિએ પોતાના પતિને કહેલ કે છોકરીઓને વધારે પડતો મોબાઈલ જોવા આપવો નહિ. જે પતિને સારૂ નહિ લાગતા પત્નિને જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી લોખંડના સળીયા વડે માથાના ભાગે તેમજ બન્ને હાથના બાવડા ઉપર તેમજ બન્ને ગોઠણના ભાગે આડેધડ સળીયા વડે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

**સમગ્ર વિશ્વમાં ઓલમ્પિકના માહોલ વચ્ચે**

## વડિયાની શ્રી સુરગવાળા હાઈસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા યોજાઇ

**૮૦ ભાઈઓ અને ૭૫ બહેનોએ ભાગ લઈ પોતાની તાકાત બતાવી**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા



અમરેલી, તા. ૯

સમગ્ર વિશ્વમાં હાલ ઓલમ્પિકનો માહોલ છે. ત્યારે ગુજરાતમાં પણ હાલ શાળાકિય રમતોત્સવ રમાઈ રહ્યો છે. જે અંતર્ગત અમરેલી જિલ્લાની જિલ્લા લેવલની કુસ્તી સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત વિકાસ અમરેલી દ્વારા વડિયા મુકામે શ્રી સુરગવાળા હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં સમગ્ર જિલ્લામાંથી અન્ડર ૧૪,૧૭,૧૯ કેટેગરીમાં ૮૦ ભાઈઓ અને ૭૫ બહેનોએ ભાગ લીધો હતો. જેમાંથી ત્રણેય કેટેગરીના સ્પર્ધાકોએ પોતાની તાકાત અજમાવી હતી. જેમાં અંડર ૧૯ ભાઈઓની સ્પર્ધામાં જોરદાર ટકકર જોવા મળી હતી. આ સ્પર્ધામાં યજમાન સંસ્થા શ્રી સુરગવાળા હાઈસ્કૂલના ૬ ખેલાડીઓ વિજેતા થઈ શાળાનું ગૌરવા વધાર્યુ હતુ. આ વિજેતા થયેલા સ્પર્ધકો હવે રાજયકક્ષાએ ભાગ લેશે. આ સમગ્ર કાર્યમને સફળ બનાવવા કુંકાવાવ તાલુકાના કન્વીનરની આગેવાની સમગ્ર શાળા પરિવારે જહેમત ઉઠાવ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

---

**પવનચક્કીને લઈને વધુ એક વિવાદ**

## બાબરાના ખંભાળા ગામે યુવક પાસે ટાવર દિઠ રૂપિયા ૧ લાખની માંગ કરાઈ

**૪ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૯

બાબરા ગામે સ્વામીનારાયણ સોસાયટી મકાનમાં રહેતા અને મુળ રહે. કોટડા, જિ. બનાસકાંઠાનાં વતની નરેશભાઈ ધનાજી ચૌધરી નામનાં ૨૮ વર્ષિય યુવકની કંપની ઓધવ એન્ટરપ્રાઈઝ કંપનીનું કામ બાબરા તાલુકાનાં કાસકોલીયા ગામે ચાલુ હોય અને યુવક તેના હવાલાવાળી કાર લઈને મજુરોને લેવા જતા હતા. ત્યારે ખંભાળા ગામે પહોંચતા બોલેરો નં.જી.જે.૦૩–બી. ડબલ્યુ–૭૬૮૯ કારની આગળ રાખી યુવકને ઉભા રખાવી તેમાથી આરોપી રઘુભાઈ બસીયા (રહે. બાબરા) તથા તેની સાથે ત્રણ અજાણ્યા માણસો લાકડીઓ લઈ ઉતરેલ જેમાંથી એક અજાણ્યા માણસો યુવકની કંપનીના લેબરની ગાડી ઉપર લાકડી મારી કાચ તોડી તથા બોલેરોના ડ્રાઈવર સુનીલભાઈને ઢીકાપાટુનો માર મારેલ તેમજ બે અજાણ્યા માણસોએ યુવકને જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી બાબરામાં પવન ચક્કીનું કામ કરવું હોય, તો એક ટાવર દિઠ એક લાખ આપવા પડશે. તેવી યુવક પાસે પૈસાની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

**જીલ્લા ભાજપ અગ્રણીએ ડી.આર.એમ.ને પત્ર પાઠવ્યો**

## અમરેલી ખાતે રીઝર્વેશન કાઉન્ટરની સેવા અને જૂનાગઢ–ગાંધીનગર ઈન્ટરસીટી શરૂ કરો

**વડિયા, કુંકાવાવ, ચિત્તલ, દામનગર સ્ટોપ આપવા માંગ**

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લાના ભાજપ અગ્રણી રાજુભાઈ મિલને ભાવનગર ખાતે રેલ્વેનાં ડી.આર.એન. ને પત્ર પાઠવ્યો છે. પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લાની તથા શહેરની જનતાને રેલ્વે મુસાફરી સુવિધા માટે મહુવા–સુરત તથા મહુવા–બાંદરા ટ્રેન રાત્રે લીલીયા મોટા, દામનગર, સાવરકુંડલા ખાતેથી પસાર થાય છે.

મહુવા–સુરત તથા મહુવા–બાંદરા ટ્રેનમાં કરન્ટ રીઝર્વેશન ઉપલબ્ધ થતા હોઈ, અમરેલી શહેર તથા આસપાસના વિસ્તારની જનતાને કરન્ટ રિઝર્વેશન સરળતાથી પ્રાપ્ત થાય તે હેતુથી અમરેલી રેલ્વેસ્ટેશન ખાતે સાંજના પથી ૬ (૧ કલાક) માટે રિઝર્વેશન કાઉન્ટર શરૂ કરવા તેમજ વડીયા–ધંધુકા–સરખેજ–સાબરમતિ સત્વરે શરૂ કરવા અંતિમાં માંગ કરેલ છે.

---

**આજે શનિવારે સવારે ૬ થી રવિવાર સવારે ૬ સુધી**

## અમરેલીનાં હનુમાનપરામાં આવેલ શ્રી પંચમુખી હનુમાનજી મંદિરે ૨૪ કલાક રામધુન

**પંચમુખી ધુન મંડળ દ્વારા ૨૪ કલાકની રામધુન યોજાશે**

અમરેલી, તા. ૯

અમરેલીનાં હનુમાનપરામાં આવેલ શ્રી પંચમુખી હનુમાનજી મંદિરે પંચમુખી ધુન મંડળ ધ્વારા આવતીકાલ શનિવારે સવારે ૬ થી રવિવાર સવારે ૬ કલાક સુધી પંચમુખી ધુન મંડળ ધ્વારા ૨૪ કલાક સુધી રામધુનનું આયોજન કરવામાં આવેલ છે.

શહેરનાં ધર્મપ્રેમીઓને ૨૪ કલાકની અખંડ રામધુનનો લાભ લેવા આયોજકો ધ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

---

# રાજુલા : શ્રેષ્ઠ કામગીરી બદલ તાલુકાના આરોગ્ય કર્મચારીઓને સન્માનિત કરાયા









અમરેલી આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસ અન્વયે સેવા, સન્માન અને ગૌરવ કાર્યક્રમમાં આરોગ્યના વિવિધ પ્રોગ્રામમાં કે પ્રવૃતિ ઓમાં બેસ્ટ કામગીરી કરનાર આરોગ્ય સ્ટાફને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. જેમાં રાજુલા તાલુકાના ૪ આરોગ્ય કર્મચારીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરાતા તાલુકા હેલ્થ ઓફિસર ડો.એન. વી. કલસરીયા સહિતની સમગ્ર હેલ્થ ટીમ દ્વારા કરાતી કામગીરીની નોંધ લેવાઈ હતી. વર્ષ ૨૦૨૩માં રાજુલા તાલુકાના પ્રા. આ. કેન્દ્રમાં આરોગ્યના તમામ પ્રોગ્રામોનું મોનીટરીંગ, સુપરવિઝન અને ટાર્ગેટ પૂર્ણ કરવા માટે તેમજ વિસ્તારમાં સધન આરોગ્ય શિક્ષણ આપવા બદલ ખેરાના મેઈન સુપરવાઈઝર ભનુભાઈ લાડુમોર પોતાના વિસ્તારમાં ફેમીલી પ્લાનિંગની ખુબ જ સારી કામગીરી કરવા બદલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર રાજુભાઈ જોષી અને દિનેશભાઈ મહિડા તેમજ આશા તરીકે રાજુલા તાલુકામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મીનાબેન વાઘનું મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. જો કોઈ કાર્ય તમે દ્રઢ નિશ્વયથી કરો તો તે કામ જરૂરથી સફળ થાય છે તે ઉદાહરણ સ્વરૂપે જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા દ્વારા જણાવી પીડીઆઈમાં કરેલ કામગીરીને બિરદાવી હતી તેમજ શ્રેષ્ઠ આરોગ્ય સેવા આપવાથી લોકોની આરોગ્ય સુવિધામા વધારો કરી શકાશે તેવું જીલ્લા આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોષી દ્વારા જણાવેલ જયારે લોકોને આરોગ્ય સેવાઓ સરળતાથી મળી રહે તે માટે એક ટીમ વર્કથી ઉત્સાહપૂર્વક કામ કરવા માટે આર. સી. એચ. ઓ. ડો. એ. એસ. સાલવી દ્વારા જણાવી સમગ્ર ટીમને સારી કામગીરી બદલ અભિનંદન આપેલ. આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ. જોષી, આર. સી. એચ. ઓ. ડો. એ. એસ. સાલવી, ઈ. એમ. ઓ. ડો. એ.કે. સિંધ,કવોલિટી એમ. ઓ. ડો. આર. કે. જાટ, તાલુકા હેલ્થ ઓફિસરો, મેડિકલ ઓફિસરો અને આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં બંધ સ્ટ્રીટલાઈટની અને જિલ્લામાં જુદી-જુદી સમસ્યાની સંખ્યા વધી રહી છે

# અમરેલી જિલ્લામાં ૧૦૦ સમસ્યા છતાં કોઈ નિરાકરણ થતું નથી

**બેરોજગારી, બિસ્માર માર્ગો, શિક્ષણ, આરોગ્ય, પરિવહન, રખડતા પશુઓ, અનિયમિત પાણી વિતરણ, ગંદકી સહિતની સમસ્યાઓનો શાસકો પાસે કોઈ ઉકેલ નથી**

**શાસકોની નિષ્ક્રીયતાથી કંટાળીને જિલ્લાનાં યુવાનો સહિત સૌ કોઈ મહાનગરોમાં સ્થળાંતર કરવા મજબૂર બની રહ્યા છે**

**જિલ્લામાંથી દર વર્ષે સેંકડો પરિવારો સ્થળાંતર કરી જાય છતાં પણ શાસકોનું રૂવાડુ પણ ફરકતું નથી**

**કાશ્મીરી પંડિતોની હિઝરતની ચિંતા કરનારને અમરેલીયનનાં સ્થળાંતરની ચિંતા કેમ સતાવતી નથી**



ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં ૧૫ લાખની જનતા નાના-મોટી થઈને વિવિધ પ્રકારની ૧૦૦ જેટલી સમસ્યાઓનાં ચક્રવ્યુહમાં ફસાઈ ગઈ છે. જિલ્લાનાં મુખ્યમથક અમરેલીમાં બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, ઉકરડાનાં ઢગલાની સંખ્યા જેમ વધે છે તેમ જિલ્લામાં ઉદ્યોગોની કમી, રોજગારીનો અભાવ, બિસ્માર માર્ગો અને પુલ, જર્જરીત શાળાઓ, માંદગીમાં સપડાયેલ સરકારી દવાખાના બંધ થતી એસ.ટી. બસ જેવી સમસ્યાની સંખ્યામાં વધારો થતો જોવા મળી રહયો છે.

અમરેલી જિલ્લો આઝાદીનાં ૭૭ વર્ષ બાદ પણ વિકાસની ગતીથી વંચિત રહયો છે. જિલ્લામાં મોટા ઉદ્યોગોની કમી, નેશનલ હાઈવે, બ્રોડગેજ રેલ્વે, નિયમીત પીવાનુ પાણી, સ્વચ્છતા, સારા માર્ગો, ફરવાલાયક સ્થળો, ઉતમ કક્ષાના શૈક્ષણીક સંકુલો, આધુનીક સારવાર મળી શકે તેવા સરકારી દવાખાનાઓ, પશુ વિહિન માર્ગો, સહિતની અસુવિધાઓ મળી કુલ ૧૦ જેટલી સમસ્યાઓએ જનતાને ઘેરી લીધી છે.

જિલ્લામાં વિકાસ કાર્ય નિયત સમયે થતા ન હોય, રોજગારી, શિક્ષણ જેવી સુવિધાનાં અભાવે જિલ્લામાંથી દર વર્ષે સેંકડો પરિવારો અન્ય મહાનગરો તરફ સ્થળાંતર કરવા મજબુર બની રહયા છે. અને આ બાબત શાસકો માટે ચિંતાજનક બનવી જોઈએ પણ તેવુ જોવા મળતુ નથી.

કાશ્મીરી પંડિતોનાં થતા હિઝરતની ચિંતા કરનારને જિલ્લામાંથી સેંકડો પરિવારો દર વર્ષે સ્થળાંતર કરી રહયા છે તે નજરે ચડતુ હોય તેવુ લાગતુ નથી.

### મોણપુર ગામનાં પ્રૌઢ પર થયો હુમલો

## અમરેલીની ઠેબી નદીનાં પુલ ઉપર પ્રૌઢને પછાડીને મારી નાખવાની ધમકી

### પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૯

અમરેલી તાલુકાના મોણપુર ગામે રહેતા છગનભાઈ કરશનભાઈ ખુમાણ નામનાં ૪૫ વર્ષિય આધેડ ગત તા. ૬ના બપોરના આશરે પોણા ચારેક વાગ્યે પોતાને કોર્ટમાં ઈન્કવાયરી ચાલતી હોય જેની મુદતમાં જઈ શકેલ ન હોય. જેથી કોર્ટની તારીખમાં શું દલીલ થઈ? તે બાબતની માહિતી લેવા માટે અમરેલી આવતા હોય. તે વખતે અમરેલી રોડે ટીંબાથી આગળ રોડ ઉપર ઠેબી નદીના પુલ ઉપર આધેડને રોડ ઉપર પોતાના સસરા આરોપી મંગાભાઈ માણંદભાઈ ચાચીયા તથા મંગાભાઈના દિકરા જેવો કોઈ ભાઈ મોઢે રૂમાલ બાંધેલ સામા મળેલ અને ઉભા રાખી આરોપીએ આધેડને કેસ બાબતે સમાધાન કરવુ હોય તો તારી માને કહેજે દસ લાખ રૂપિયા તૈયાર રાખે તેમ કહેતા આધેડે કહેલ કે હું દર મહિને ભરણપોષણ ભરૂ છું અને તમારે નથી છુટુ કરવુ કે નથી દિકરી મોકલવી. કોર્ટમાં નિણર્ય આવે તેમ થશે. તેમ કહેતા આરોપીએ આધેડને પકડી ઢીકાપાટુનો માર મારી નીચે પછાડી દઈ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## સોમનાથ પરિષદમાં આજે શિવ ભજન સંધ્યાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે



ગીર સોમનાથા, તા. ૯

સોમનાથમાં શ્રાવણ માસને લઈને અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થયેલ છે. શનિવારે જુનાગઢનાં સુપ્રસીધ્ધ કલાકારો દ્વારા શિવ સંધ્યાનો ભવ્ય કાર્યક્રમ યોજાશે.

સોમનાથમાં સોમનાથ ટ્રસ્ટનાં સહકારથી દર શ્રાવણ માસમાં ગીર સોમનાથ મીડીયા સેન્ટર દીપક કકકડ દ્વારા આખો માસ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં તા. ૧૦/૮ને શનિવારે રાત્રે ૮ કલાકે જુનાગઢના રાજુભાઈ ભટ, નિરૂબેન દવે, અવધ ભટ દ્વારા શિવ સંધ્યાનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. ભાટીયા ધર્મશાળાના મેદાનમાં સોમનાથ પરીષદમાં આ કાર્યક્રમ વોટરપ્રુફ ડોમ, સોફા, ખુરશી સહીતની શિવભકતો સ્થાનીકો માટે બેઠક વ્યવસ્થા રાખવામાં આવેલ છે. વર્ષોથી સોમના મહાદેવના સાંનિધ્યમાં શ્રાવણ માસ દીપકભાઈ કકકડ, મીલનભાઈ જોષી, રામભાઈ સોલંકી, પ્રવિણભાઈ ચોહાણ, વિપુલભાઈ રાજા, જેસલભાઈ ભરડા કાર્યક્રમો યોજી રહ્યા છે. જેમાં સોમનાથ ટ્રસ્ટ પરિવાર ખુબ જ મોટો સહકાર આપી રહેલ છે. તેમજ આખા માસ દરમ્યાન જે પણ કાર્યક્રમો યોજાય છે. તેમાં સુપ્રસીધ્ધ કલાકારો સોમનાથ મહાદેવમાં પાર્વતી શ્રી કૃષ્ણ, શ્રી રામ સહીત ભગવાન તથા માતાજીના ગુણવાન ગાવા કોઈપણ જાતની આર્થિક અપેક્ષા રાખ્યા વગરમાં સરસ્વતી પ્રાર્થના કરવા ભાવી પહોંચેછે. તે આ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

## ખાંભા : લેરીયા ખોડીયારમાંના આશ્રમ ખાતે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

તસ્વીર : ભાવિક કલસરિયા-ખાંભા



ખાંભા તા.૯

ખાંભા પીપળવા રોડ નજીક લેરીયા ખોડીયાર માતાજીના આશ્રમ ખાતે કાલભૈરવ દાદાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો તેમાં મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવતું સહિતના કાર્યક્રમ યોજાયા હતા અને મોટી સંખ્યામાં ભકતજનો ગ્રામજનો સહિત ઉપસ્થિત રહ્યા હતા અને મહાપ્રસાદનો લાભ લીધો હતો આ તમામ કાર્યક્રમનો આયોજન દાતાઓના સહકારથી અને ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું.






















# જીવનમાં અડચણરૂપ છે નિરાશા

## પગદંડી/લેખન



– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

ઈશ્વર જગતમાં જીવમાત્રમાં એક મનુષ્ય જ એવુ જીવ છે. જે બુદ્ધિશાળી છે. બોલી શકે છે. વિચારી શકે છે. વિચાર મુજબ આચરણ કરી શકે છે. વિશ્વનાં કયા મનુષ્યને દુઃખ જોઈએ છે? દુઃખી થવુ છે ભલા? જવાબ નિશ્વિત છે. ના છતા મનુષ્ય જીવનમાં સુખ, આનંદથી વંચિત રહે છે. એ નિશ્ચિત છે. એના ઘણા કારણો હોય શકે. પણ એમાંનુ એક મહત્વનું કારણ જો કોઈ હોય તો છે નિરાશા, હતાશા. આ નિરાશા એક એવો ચેપી રોગ છે કે જેને લાગે છે. એ તો દુઃખી થાય છે. પણ એનો રોગ જો કોઈને લાગે તો એને પણ દુઃખી કરી મૂકે છે. પેલી કહેવત જેવુ, " હું તો મરુ પણ તનેય રોડ કરુ." એમાં શી મજા કે આનંદ મળતા હશે એવો એ જ જાણે. આ નિરાશાના ચેપનો રોગ મનુષ્યની તમામ શકિતઓને, અરમાનોને, સ્વપ્નાને બુઠ્ઠા કરી મૂકે છે. જીવનનો વિકાસ રૂંધી નાંખે છે.

નિરાશાવાદી માણસ ડગલે ને પગલે નિરાશાની ગર્ભમાં ઉંડો ઉતરતો જાય છે. પરિણામે તે સુખ, આનંદ માણી શકતો નથી. એક નોકરિયાત બધી રીતે સુખી હોય છે. પરિવારને હિસાબે, પગારની રીતે, કુટુંબની રીતે પણ છતાંય તે વ્યથિત હોય છે. કારણ કે તેને જે છે એનાથી વધુ ધનિક બનવુ છે. તેની નજર સાતે આસમાની જ હોય છે. તે ધનિક જેવો, ઉંચા, હોદેદાર જેવો સુખી નથી. એનો બળાપો એને રાત્રે ઉંઘમાં દેતો નથી. એ જગ્યાએ પહોંવાનાં સપના નહિ પણ એનો લોભ છે. નિરાશા છે. પરિણામ એ આવે છે કે, તેને ધનિક બનવા, ઉંચો હોદેદાર થવા, ઉચ્ચ હોદો પ્રાપ્ત કરવા માટે ભ્રષ્ટાચાર તરફ વળે છે. દુરાચાર કરે છે. પૈસાદાર થવા, ઉચ્ચ હોદો મેળવવા ગમે તેવા રસ્તાઓ અખત્યાર કરે છે. નીતિ–નિયમો, ધર્મ, સત્ય, આચાર–વિચારને નેવે મૂકી ભ્રષ્ટાચારી બની જાય છે. પણ એમ સહેલુ નથી હોતુ. પછી ડિપ્રેશનમાં પડે છે. નિરાશામાં ગરકાવ થઈ જાય છે.

સાચી વાત એ છે કે એવી નિરાશા કે નિરાશાવાદી સ્થિતિમાંથી બહાર નીકળવુ અતિ આવશ્યક હોય છે. નિરાશાથી દૂર રહેવામાં જ શુભ છે.

આપણે જીવનનાં અનુભવોમાંથી શીખ્યા છીએ કે, મનમાં ચિત્રેલુ, ધારેલુ બધુ જ સફળ થાય છે. અવુ બનતુ નથી હોતુ. જયારે આપણે સફળ નથી થતા ત્યારે નિરાશામાં સરી પડીએ છીએ. કયારેક તો કાર્ય શરૂ કર્યા પહેલા જ નિરાશ થઈ કાર્યનો પ્રારંભ પણ કરતા જ નથી. પછી આપણા જીવનમાં નિરાશા કાયક પોતાનું સ્થાન લઈ લે છે.

પરીક્ષામાં, ઈન્ટરવ્યૂમાં, ધંધામાં, નોકરીમાં કયારેક નિષ્ફળ થવાતુ હોય છે. પણ દરેક વખતે નહિ પણ મનમાં ઘૂંટાતી નિરાશા દૂર થતી જ નથી. તેના જીવનમાં નિરાશા જ નિરાશા છે. વળી, એ નિરાશાને કારણે મળેલી નિષ્ફળતાનું મૂળ કારણ ઘર કરી ગયેલી નિરાશા છે.

આવા સમયે, આવા નિરાશાવાદી લોકોએ શું કરવુ ઘટે? પ્રથમ તો એવા લોકોએ નિરાશાને પોતાના મનમાંથી શ્રદ્ધાંજલિ આપી દેવી જોઈએ. માત્ર ને માત્ર પોતાના વિચારોમાં પરિવર્તન લાવવાની જરૂર હોય છે. આ કાર્ય ઘણુ કપરુ હોયીછે. શરૂઆતમાં માણસ નિષ્ફળ જશે. પણ પછી ધીરેધીરે પ્રયત્ન કરવાથી એમાં સફળતા પ્રાપ્ત કરી શકશે. એવા નિરાશાવાદી વિચારોને ઘઉંમાંથી કાંકરા કાઢી ફેંકી દઈએ છીએ. એમ નિરાશા, હતાશા પણ ફેંકી દેવી જોઈએ.

લાગણીશીલ બનવુ અને લાગણીઓના ગુલામ બની રહેવુ એ બેમાં હાથીઘોડાનો તફાવત છે. દરેકનાં મનમાં પ્રેમ, લાગણી જરૂર હોવવા જોઈએ. પણ લાગણીવેણા ન હોવા જોઈએ. સાચી વાત તો એ છે કે માણસે લાગણીઓના ગુલામ બનીને રહેવાનું નથી પણ લાગણીઓને ગુલામ બનાવવી જોઈએ. એના પર વિજય મેળવવો જોઈએ. એમાં માનવીનું ગૌરવ છે. માટે નિરાશાને આવકારવાને બદલે તેનો તિરષ્કાર કરવો જોઈએ.

માનવજાતનું જીવન સંઘર્ષમય હોય છે. એ સંઘર્ષથી હારી જવુ, નિરાશા થઈ બેસી રહેવુ એ કયાનો ન્યાય ? કૃષ્ણા જેવા સારથી, મિત્ર મળેલા હતા એટલે યુધ્ધભૂમિમાં નિરાશ થઈને, ઉદાસીન થઈ બેસી ગયેલ અર્જુનને પણ કૃષ્ણએ હતાશામાંથી બહાર લાવ્યા જ હતા. યુધ્ધ જીતાડયુ હતુ. જય–પરાજય તો આવતા જ રહે. નિરાશા એક પ્રકારનો રોગ જ છે. એવા રોગને વધવા, ફેલાવા ન દેવાય એને તો ઉગારીને સાથે જ ઝડમૂળમાંથી ખેંચી, ઉખાડી, કાપી ફેંકી દેવા જોઈએ. કહેવાયુ છે કે,

અનેક નિષ્ફળતાઓમાં એક આશા છુપાયેલી હોય છે. સૌને સન્મતિ કે ભગવાન–અસ્તુ.



# બાલ એકસપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

## અમરેલીનો છોકરો જયારે આંતરરાષ્ટ્રીય ડાયમંડ માર્કેટમાં નામ કાઢે છે



**ભીમજીભાઈ રૂગનાથ મહેતાઃ** ભીમજીભાઈ રૂગનાથ મહેતા સામાન્ય સ્થિતિમાંથી સ્વબળે આગળ આવ્યા હતા. અમરેલીની પારએ–મહેતા(નૂતન) હાઈસ્કૂલનું તેમના યોગદાનથી નિર્માણ થયુ છે. અમરેલીના માણેકપરામાં આવેલી હવેલી, ગૌશાળા, દવાખાના માટે પણ તેમણે આર્થિક યોગદાન આપેલુ છે.

**લલ્લુભાઈજમનાદાસ પરીખઃ** લલ્લુભાઈ પરીખ અમરેલી મહાજનના એક અગ્રગણ્ય સભાસદ હતા. રૂના મોટા વેપારી હતા.તેમને જીન પ્રેસ હતો. આગેગાન વેપારી હોવા છતા તેઓ શહેરના સાર્વજનિક કાર્યોમાં સક્રિય રસ લેતા હતા. શહેરની બધી જ પ્રવૃતિઓમાં તેઓ આગેવાની ભર્યો ભાગ લેતા હતા.ખાદીપ્રવૃતિનો વિકાસ થાય એ માટે તેઓ વિશેષ રસ લેતા હતા.

**મોહનલાલ ઓધવજી પારેખઃ** મોહનલાલ ઓધવજી પારેખે અમરેલી સુધરાઈ અને પંચાયતમાં હોદાઓ ભોગવીને જનતાની સાચા અર્થમાં સેવા કરી હતી. વડોદસ રાજયે તેમની નિઃસ્વાર્થ સેવાની કદરૂપે તેઓને '



રાજરત્ન' નો ખિતાબ આપ્યો હતો.

**ડો. કે. વી. પરીખ :** અમરેલીની સેવાભાવી ડોકટર. અમરેલીના ટાવર રોડ–મેઈન બજારમાં તેમનું દવાખાનું હતુ. ગરીબ દર્દીઓને

ભાતીગળ સૌરાષ્ટ્ર



તેઓ વિનામૂલ્યે સેવા આપતા હતા.

**રાઘવજી લેઉવાઃ** તા.૧/૮/૧૯૦૯ના રોજ અમરેલીમાં જન્મેલા રાઘવજીભાઈએ બી.એસસી., એલએલ.બી.સુધી અભ્યાસ કર્યો હતો. ૧૯૬૭માં તેઓ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષનું સ્થાન શોભાવનાર રાઘવજીભાઈ વિદ્યાર્થીકાળથી ખૂબ જ તેજસ્વી હતા. વડોદરા સરકારે તેમને



અભ્યાસ માટે વિલાયત મોકલ્યા હતા. અભ્યાસ પૂર્ણ કરી, સ્વદેશ પાછા ફર્યા બાદ તેઓએ વડોદરા રાજયના વિવિધ જવાબદારીભર્યા સ્થાનો શોભાવ્યા હતા. આઝાદી પછી વર્ષો સુધી ધારાસભ્ય તરીકે તેમણે વિવિધ મતક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ. આશરે દસેક વર્ષ સુધી તેઓએ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી હતી. જિલ્લા વિદ્યાસભા–અમરેલીના તેઓ સ્થાપક સભ્ય હતા. વર્ષો સુધી તેમણે વિદ્યાસભાના મંત્રી તરીકે સેવાઓ આપી હતી. અમરેલીમાં કોલેજ શરૂ થઈ ત્યારે પ્રારંભિક માળખુ તેમણે ગોઠવ્યુ હતુ. તેઓ ડો.જીવરાજભાઈ મહેતાના વિશ્વાસુ સાથીદાર હતા.


## સામાન્ય ભૂગોળ અને સામાન્ય ઈતિહાસ

શિશુવંદના

ગિજુભાઈ ભરાડ

આ બે એવા વિષયો છે કે વિદ્યાર્થી કોઈપણ વિદ્યાશાખામાં હોય પરંતુ જો એ ઉકત બન્ને વિષયો પર પૂરંતુ જ્ઞાન ધરાવતો ન હોય તો એને સાંપ્રતવૃત્તાંતો એટલે કે કરંટઅફેર્સમાં કઈ ખબર પડતી નથી. જાહેર સ્પર્ધાત્મક પરીક્ષામાં આપણા વિદ્યાર્થીઓ સરળતાથી પાસ ન થવાનુ એક કારણ એનુ ઉકત વિષયો પરત્વેનું ઘોર અજ્ઞાન પણ છે.વિશ્વભૂગોળ અને વિશ્વનો ઈતિહાસ વિદ્યાર્થીને આવડતો જ હોવો જોઈએ. અમેરિકામાં નવા રાષ્ટ્રપ્રમુખ સત્તા પર આવે અને આખુ વિશ્વ એનો રોમાંચ માણતુ હોય ત્યારે આપણો વિદ્યાર્થી અરસિક રીતે અને અજ્ઞાનવશ બધુ જોયા કરે તે આપણા વિદ્યાપુરુષો અને વિદ્યા સંસ્થાઓની નિષ્ફળતા છે. એ ઘટના એને તો જ સમજાય જો એમના મનમાં વિશ્વના ઈતિહાસની રૂપરેઆ હોય અને એને માટે એણે સમય આપેલો હોવો જોઈએ. એની પાસે સંદર્ભ ગ્રંથો હોવા જોઈએ, એના જ્ઞાનનો એ વારંવાર ઉપયોગ કરી શકે એવા પ્રસંગો પણ એને ઉપલબ્ધ બનાવવા જોઈએ તો જ સામાન્ય જ્ઞાન વિદ્યાથીસ્ના ચિત્તમાં સ્થિર થાય છે. સામાન્ય જ્ઞાન પ્રત્યેની અભિરૂચિ કેળવવામાં આપણે ત્યાં બહુ ગૌરવ લેવા જેવી સ્થિતિ નથી. સામાન્ય જ્ઞાનમાં સમાવૃષ્ટિ એવા વિવિધ દસ જેટલા પ્રમુખ વિષયોની અંજલિ પણ આપણે એના હૃદય સુધી પહોંચાડી શકતા નથી. આ સ્થિતિને અગ્રતા ક્રમે સુધારવી ઘટે.

## સાચા મિત્રો



''કેમ કરસન બહુ ઉદાસ હો એવુ લાગે છે.'' વિલા મોઢે ફળિયામાં ખુરશીમાં બેઠેલા કરસનને જોઈને તેનો બાળ પણનો મિત્ર મેહુલ બોલ્યો.

''જો મેહુલ પહેલી વાત એ કે મુંબઈ ગયા પછી મેં મારુ નામ બદલાવી નાખ્યુ છે. મારુ નામ હવે ક્રિશ છે. તારે મને ક્રિશ નામથીજ બોલાવવો.'' સ્હેજ મોઢુ બગાડી કરસન બોલ્યો.

''ઉદાસ તો ન થવુ હોય તો પણ થઈ જવાય છે. જો તો હુ અહી કામ સબબ બે દિવસ આવ્યો હતો. અને આ કોરોના આવતા બે મહિનાથી અહી ફેલાયો પડયો છું.'' નિરાશ થઈ ક્રિશ બોલ્યો. ''વળી અહી નેટ પણ બહુ આવતુ નથી. મારી બધી જ જરૂરિયાત શહેરમાં તરત જ ઓનલાઈન પૂરી થઈ જતી. અહી ગામડામાં મારે શું કરવુ તે સૂઝતુ નથી. કપડા પણ હું વધારે લાવ્યો નથી.'' બીજા દિવસે મેહુલ આવ્યો અને ક્રિશને પરાણે કપડાના વેપારી ગોવિંદની દુકાને લઈ ગયો. અને કપડા પસંદ કરાવ્યું. ક્રિશ કહે કે, " મારી પાસે હવે બહુ પૈસા નથી. એટીએમ કાર્ડ મારી પાસે જ છે પણ અહી કયાંય નજીકમાં એટીએમ નથી.'' ''મને બધી ખબર છે. પૈસા અત્યારે ગોવિંદકાકાને હું જ આપી દઉ છું. તું ચિંતા કરીશ નહી.''મેહુલ બોલ્યો.

" મેહુલ તારી પાસે પૈસા ન હોય તો કંઈ વાંધો નહી. ક્રિશભાઈ મોકલાવી દેશે તો પણ ચાલશે.'' ગોદિકાકા બોલ્યા.

ક્રિશને તો મેહુલ અને ગોવિંદકાકાની વાતથી બહુઆર્શ્ચ થયુ.



આવી રીતે કોઈ મદદ કરી શકે ખરુ ? તે તો વિચારતો જ રહ્યો.

ગોવિંદભાઈ પાસેથી કપડા લઈ શામજીભાઈ દરજીની દુકાને કપડા સિવડાવવા ગયા. ત્યાં પણ શામજીભાઈ કહે પૈસા ન હોય તો બાકી રાખીશ તેમ જણાવ્યુ. તે પાછો વિચારે ચડી ગયો. તેને ઈ મિત્રો ઘણા હતા છતા અત્યારે કોઈ કામમાં આવ્યા નહી. અત્યાર સુધી તો ઓનલાઈન ખરીદી કરતો છતા આવી હાલતમાં કોઈ તેને મદદે આવ્યા નહી. આજના અનુભવથી તને સમજાયુ કે, સાચા મિત્રો ગામના કે શેરીના (ઈ માધ્યમ સિવાયના) જ છે. અને સાચી ખરીદી ગામમાંથી કરેલી ખરીદી (ઓનલાઈન નહી) છે.

બાલમિત્રો,



ખૂબ પવિત્ર શ્રાવણમાસ શરૂ છે. ભકિતભાવવાળા મહિનો , નાના–મોટા સૌ મહાદેવની પૂજામાં, મંદિરે દર્શન કરવામાં, કથાવાર્તામાં, ધર્મધ્યાનમાં, ઉપવાસ કરવામાં ગળાડૂબ છે. હોવુ પણ જોઈએ કહે છે છે કે, શ્રાવણ માસમાં જે કોઈ મહાદેવને પાણી, દૂધનો અભિષેક કરે, દેવ–દર્શન કરે, ધર્મધ્યાન કરે, એમને નિર્મળ, નિર્બળ આનંદ મળશે.

જીવનમાં સફળ થવુ હોય તો પુરૂષાર્થ ખૂબ જરૂરી છે. બાલમિત્રો તમે પણ અત્યારે ભણવાનો પુરૂષાર્થ કરી જ રહો છે. નિરાશા તો ચિંતા સમાન છે. જીવનને બરબદ કરી દેનાર નિરાશા છે. જીવનનો બરબાદી તરફ વાળનાર નિરાશા જ છે. સરસ મજાનું દૂધનું તપેલુ ભર્યુ હોય. એમાં જો એકાદ ટીપુ પણ જો છાશનું પડી જા તો શું પરિણામ આવે? દૂધનું દહી બની જશે. પછી શું કરવાનું ? એટલે જ આપણા પવિત્ર, અમૂલ્ય જીવનનો નિરાશાથી દૂર રાખવાનું છે. નિરાશાની માણસ, વિદ્યાર્થી કયારેય સફળ થતો જ નથી.

## આનંદી કાગડો

એક કાગડો હતો. તે એક વાર રજાના વાંકમાં આવ્યો. એટલે રાજાએ તેના માણસોને કહ્યુ : 'જાઓ આ કાગડાઅને ગામના કૂવાને કાંઠે ગારો છે તેમાં નાની ખૂંતાડીની મારી નાખો.'

કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે ગારામાં નાખવામાં આવ્યો. કાગડાભાઈ તો ગારામાં ખૂંત્યા ખૂંત્યા આનંદથી બોલવા લાગ્યાઃ

'ગારામાં લપસણુ કરતા શીખીએ છીએ, ભાઈ! ગારામાં લપસણુ કરતા શીખીએ છીએ.'

રાજા અને તેના માણસો તો નવાઈ પામ્યા કે આ કાગડો ખૂંતવાથી દુઃખથી થવાને બદલે આંનદી કેમ બોલે છે ? રાજાને ક્રોધ ચડયો અને બીજો હુકમ કર્યો : 'નાખો એને કૂવામાં, એટલે ડૂબીને મરી જાય.'

કાગડાને કૂવામાં નાખ્યો.

કાગડાભાઈ તો કૂવામાં પડયા બોલ્યા : 'કૂવામાં તરતા શીખીએ છીએ, ભાઈ! કૂવામાં તરતા શીખીએ છીએ.'

રાજા કહે :'હવે તો કાગડાને એથી વધારે સખત શિક્ષા કરવી જોઈએ.'

પછી તો કાગડાને કાંટાના એક મોટા એવા જાળામાં નખાવ્યો.

કાગડાભાઈ તો એના એ જ રહ્યા. વળી પાછા આનંદી સૂરે ગાતા ગાતા બોલ્યાઃ

'કુણા કાન વીંધાવીએ છીએ, ભાઈ! કૂણા કાન વીંધાવીએ છીએ.'રાજા કહેઃ 'કાગડો તો ભારે જબરો ! ગમે તે દુઃખમાં એને દુઃખ થતુ જ નથી. ચાલો જોઈએ, હવે સુખ તથ થાય એવે ઠેકાણે નાખવાથી એને દુઃખ થાય છે?પછી કાગડાભાઈએ એક તેલની કોઠીમાં નાખ્યાં.

કાગડાભાઈઅુ તો એ પણ સવળુ જ પડયુ. ખુશ થઈ એ બોલ્યા :

'તેલ કાને મૂકીએ છીએ, ભાઈ! તેલ કાને મૂકીએ છીએ.'

પછી તો રાજાએ કાગડાને ઘીના કુલડામાં નાખ્યો. એમા પડયો પડયો પણ કાગડો તો બોલ્યા :

'ઘીના લબકા ભરીએ છીએ, ભાઈ ! ઘીના લબકા ભરીએ છીએ.' રાજા તો ખૂબ ખિજાયો ને કાગડાને ગોળની કોઠીમાં નખાવ્યો. કાગડાભાઈ તો પાછા મજાથી બોલ્યાઃ

'ગોળના દડબા ખાઈએ છીએ, ભાઈ ! ગોળના દડબા ખાઈને છીએ.'

છેવટે થાકીને રાજા કહે : ' આ કાગડાને આપણે શિક્ષા કરી શકીશુ નહી. એને મનથી દુઃખ લાગતુ નથી. માટે એને ઉડાડી મુકો.

અને પછી કાગડાને ઉડાડી મૂકયો.

### બાલ કથાઓ

ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)



## સરોજિની નાયડું

**જન્મ : ૧૩ ફેબ્રુઆરી, ૧૮૭૯**
**મહાપ્રયાણઃ ૨ માર્ચ, ૧૯૪૯**




'સચ બોલના અચ્છા હૈ, કિંતુ સચ જીના ઔર અધિક અચ્છા હૈ.....' આ બોધવાકય ૧૯૧૯માં મદ્રાસની જનસભામાં બોલનારા કવયિત્રી સ્વતંત્રતા સેનાની તેમજ ભારતના બુલબુલ તરીકે જાણીતા એવા સરોજિની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ના રોજ હૈદરાબાદના બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ અઘોરીનાથ ચટ્ટોપાધ્યાય હતુ.જેઓ વિદ્વાન, વૈજ્ઞાનિક, તત્વજ્ઞ, સમાજ સુધારક અને કેળવણીકાર હતા. સરોજિનીના માતાનું નામ વરદા સુંદરીદેવી હતુ. જેઓ કવયિત્રી હતા. સરોજિની નાયડુ ૧૨ વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પાસ કરીને મદ્રાસમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા હતા. ત્યારબાદ ૧૮૯૫માં ઈંગ્લેન્ડ ગયા જયા લંડનની કિંગ્સ કોલેજ અને કેમ્બ્રિજની ગિસ્ટન કોલેજમાં વિદ્યાભ્યાસ કર્યો. ૧૮૯૮માં ગોવિદરાજુલુ નાયડુ સાથે તેમણે સિવિલ મરેજે કર્યા હતા. એમને ચાર સંતાનો હતા. જયસૂર્ય, પદ્મમ, રણધીર અને લીલામણિ. સરોજિની નાયડુ ઈ.સ.૧૯૧૭માં રાજકારણમાં સક્રિય બન્યા. એ પહેલા ઈ.સ.૧૯૦૮માં મદ્રાસમાં મળેલા વિધવા પુનઃલગ્ન માટેના અધિવેશનમાં તેમણે સ્ત્રીઓને જાગૃત કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો. તેમણે પ્લેગના રોગચાળા દરમિયાન આપેલી સેવાઓને ધ્યાનમાં રાખીને હૈદરાબાદમાં 'કેસરે હિંદ' નો સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. ઈ.સ.૧૯૧૫થી ૧૯૧૮ સુધી તેઓ ભારતના વિવિધ ગામડા અને શહેરોમાં પૂર્ણ કલ્યાણ, શ્રમનું ગૌરવ, મહિલાઓની મુશ્કેલીઓની મુકિત તથા રાષ્ટ્રવાદ જેવા વિષયો પર પ્રવચનો આપતા હતા. અંગ્રેજો દ્વારા થોપી બેસાડવામાંઆવેલા રોલેટ એકટનો તેમણે ખૂબ



વિરોધ કર્યો હતો. ૧૯૧૯માં થયેલા જલિયાવાલા બાગના હત્યાકાંડ તથા અમૃતસરમાં લશ્કરી કાયદા વિરૂધ્ધ તેમણે ધારદાર વકતવ્યો આપ્યા હતા અને સાહિત્યનુ વિતરણ કર્યુ હતુ. ઈ.સ.૧૯૨૫માં તેઓ ભારતીય કોંગ્રેસના પ્રમુખ પદે ચૂંટાયા. એમના સાહિત્ય જીવનમાં ડોકિયુ કરીએ તો એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'હીરાની ઉંબર' ઈ.સ.૧૯૦૫ના બહાર પડયો. તેમણે 'ધ લેડી ઓફ લેક' શીર્ષક હેઠળ ૧૩૦૦ પંકિતઓની કવિતા તથા ૨૦૦૦ પંકિતઓનું નાટક લખ્યુ. તેમણે ૧૯૦૫માં 'ધ ગોલ્ડન થેશેલ્ડ', ૧૯૧૨માં 'ધ બર્ડ ઓફ ટાઈમ' અને ૧૯૧૭માં 'ધ બ્રોકન વિંગ' નામના કાવ્યસંગ્રહો પ્રગટ કર્યા. આ રીતે બધા કાર્યો વચ્ચે પણ પોતાનો સાહિત્યિક રસ જીવતો રાખતા હતા. ૧૯૧૭માં તેમણે ' વુમન્સ ઈન્ડિયન એસોસિયેશન'ની સ્થાપના કરી. ગાંધીજી સાથે ગોળ મેજી પરિષદમાં પણ ગયા હતા અને સ્વાતંત્ર્યની પ્રવૃતિઓ માટે જેલમાં પણ ગયા હતા. અસહકારની ચળવળ, 'ભારત છોડો આંદોલન' વખતે અનેક વાર ધરપકડ થઈ હતી. અંતે ૨ માર્ચ ૧૯૪૯માં તેઓ રાજયપાલના હોદે પર હતા તે દરમિયાન તેમનું અવસાન થયુ હતુ.

## હસવાની મનાઈ છે

### મીઠું મરચુ

ગ્રાહક : તમારે ત્યાં મીઠું–મરચુ છે કે?

.................................

### ખંજવાળ આવે ત્યારે

''મને અકે વાતની ભારે નવાઈ લાગે છે.''

''શાની નવાઈ છે?''

" મારો એક ઓળખીતો છે. એક અકસ્માતમાં એના બંને હાથ કપાઈ ગયા છે.''

" એમાં નવાઈ લાગવા જેવુ શે છે?''

''એને ખંજવાળ આવે ત્યારે શું....?''

.................................

### વાહ, પતિદેવ !

વરસાદ ધોધમાર વરસી રહ્યો છે. વનવગડામાંથી પાણીનાં નેળિયા વહી રહ્યા હતા. રોડ આખો સુનકાર ભાસતો હતો. દૂર દૂર સુધી ભાગ્યે જ કોઈ માનવી કે વાહન જોવા મળતુ હતુ. આવે રસ્તે ગાડી હંકારને જતા દિલીપે જોયુ કે આગળ એક ગાડી બંધ પડી છે અને સ્ત્રી બિચારી એકલી એકલી વ્હીલ બદલવા મથે છે. એ તદન પલળી ગઈ હતી.

દિલીપને દયા આવી. એણે પોતાની ગાડી ઉભી રાખી. પેલી સ્ત્રીને જલદી જલદી વ્હીલ બદલી આપ્યુ. પછી આનંદભર્યા સ્વરે કહ્યુ, '



' લો બાનુ ! તમારી ગાડી તૈયાર ! હવે ભગાવો એને શહેર ભણી....''

પેલી સ્ત્રીએ 'શી....સ.... ' કરતા નાક ઉપર આંગળી મૂકી અને દબાયેલા અવાજે કહ્યુ : ''ધીમે બોલો ! મોટરની પાછલી સીટ ઉપર મારા પતિ સૂઈ ગયા છે. બિચારા કયાંક જાગી જશે.''

.................................

### બંધબેસતા !

આંખે ઓછુ દેખતા પેથાલાલે બે ડઝન બૂટ જોયા પછી છેવટે દુકાનદારને કહ્યુ :''બસ, આ બૂટ ઠીક રહેશે. બરાબર બંસબેસતા આવી જાય છે.''

''પણ, એ તો બૂટ નહિ, બૂટનું ખોખુ છે.''

.................................

### મંદી

ચીમન અને કરસન બંને રેડીમેડ કાપડના વેપારી, ચીમને પૂછયુ : ' ધંધો કેમ ચાલે છે ?''

''ધંધાની તો શું વાત કરુ ? સાવ બેસી ગયો છે. ઉધાર માલ લઈ જઈને પૈસા દેવા નહોતા આવતા એવા ઘરાકો પણ હવે તો નથી રહ્યા.''

.................................

### નવાઈ

મગનકાકા રહી રહીને સાઈઠ વર્ષે પરણ્યા. એક વર્ષ પછી તેમની યુવાન પત્નીએ બાબાને જન્મ આપ્યો. તે સાંજે મગનકાકાએ કલબમાં એમના મિત્રો સામે બડાઈ મારી : ''મને એકસઠમું વર્ષ ચાલે છ, અને તમે માનશો. આજે સવારે મારી વાઈફે બાબાને જન્મ આપ્યો !'' " એમ?'' ચુની નવાઈ પામતા બોલ્યો. ''તમને કોના પરશંકા છે?''


.................................

### ઠંડી–ગરમી

અને પેલા મનોજની વાત તો ખબર છે ને ? એની પાસે રૂંવાટીવાળો કિંમતી ગરમ કોટ છે. શિયાળામાં એ પોતાની બહેનપણીઓને તે પહેરવા આપે છે. એક વાર ચુનીએ તેને પૂછયુઃ " તારી બહેનપણીઓ એકદમ ઠંડી પડી જતી હશે ત્યારે તુ એમને આ કોટ પહેરવા આપતો હોઈશ, ખરુ ને?'' ''ના, બલ્કે તેઓ ઠંડી પડી જાય છે. ત્યારે હું કોટ પાછો લઈ લઉ છું.''

# મીઠું-મીઠું... ગળ્યું-ગળ્યું..... !

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતનઃ બાબાપુર, હાલઃ અમરેલી.**
**વ્યવસાયઃ નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**



## કબુકબુ, આજા, આજા!
હસમુખ બોરાણિયા



નાનકડા માધવભાઈ ભણવામાં હોશિયાર.ભણીને સાંજે ઘેર આવે. મમ્મી પાસે માગણી મૂકી, ‘‘બે રૂપિયા આપો, ચોકલેટ ખાવી છે.’’ વારંવાર આ જ માંગણી. મમ્મી કંટાળે, બે રૂપિયા આપી દે. કયારેક પપ્પા પાસેથી તો કયારેક કાકા પાસેથી પણ રૂપિયો, બે રૂપિયા મળી જાય. આમ, તેમને ચોકલેટ ખાવાની આદત પડી ગઈ. દાદાજી આ બધુ જ જાણે, જોયા કરે.


એક વખત મોધાભાઈ શાળાએથી આવ્યા. દફતર મૂકયુ ને કાઢી દોડ. મમ્મીને શોધ્યા. ‘‘મમ્મી નથી. શું કરવુ?’’ બા-દાદા ઘેર દાદાજી પાસે ગયો. બોલ્યા, ‘ ‘દાદાજી... દાદાજી, બે રૂપિયા આપો ને!’’ દાદાજીએ વહાલથી પૂછયુ, ‘‘શું કરશો બે રૂપિયાનું?’’ ‘‘છે ને દાદાજી, મારે ચોકલેટ લેવી છે.’’ માધવનો જવાબ. જવાબ સાંભળીને દાદાજી બોલ્યા, ‘‘ આજે મારી પાસે છુટા પૈસા નથી.’’ માધવભાઈ તો નિરાશ થઈ ગયા. ચોકલેટ યાદ આવી. મીઠી-મીઠી ચોકલેટ.... પણ કરવુ શું? તે દિવસ ચોકલેટ ખાધા વગર ગયો.

બીજા દિવસે માધવભાઈ ભણીને ઘેર આવ્યા. આજે પણ મમ્મીને ઘેર નથી. ‘‘ચોકલેટ.. ચોકલેટ...’’ ચોકલેટ યાદ આવી ગઈ. દોડીને દાદાજી પાસે ગયા, બે રૂપિયાની માંગણી કરી. તો દાદાજી કહે, ‘‘ આજે પણ છુટા નથી.’’ માધવભાઈ નિરાશ, દાદાજીને કહેવુ પણ શુ? મમ્મી હોય તો જીદ કરાય. અરેરે! ચોકલેટ ખાધા વગર બીજો દિવસ પણ ગયો.

આમ, ત્રીજો દિવસ આવ્યો. સાંજે ઘેર આવ્યો. મમ્મી તો આજે પણ નથી. ઘરમાં શુભપ્રસંગ આવતો હોવાથી મમ્મી ખરીદીમાંગયા હતા. શું કરવુ? આજે તો દાદાજી ના નહી જ કહે. ‘‘બે રૂપિયા લેવા જ છે. ચોકલેટ તો ખાવી જ છે.’’ એમ વિચારી દાદાજી પાસે ગયા.

‘‘દાદાજી,દાદાજી, આજે તો પાંચ રૂપિયા આપો.’’ દાદાજીનો એ જ સવાલ, ‘‘ શું કરશો પાંચ રૂપિયાનું’’ તો માધવભાઈ કહે, ‘‘દાદાજી, છે ને મારે મોટી ચોકલેટ લેવી છે.’’ હાથ વડે અભિનય કરીને માધવ ઉભો રહો. દાદાજીએ પૂછયુ, ‘‘ ચોકલેટ કેવી લાગે છે બેટા ?’’ તો માધવવે ચોકલેટ જેવી મીઠુ-મીઠું હસીને જવાબ આપ્યો. ‘‘બહુ મીઠી લાગે, દાદાજી.... મધ જેવી મીઠીને સાકર જેવી ગળી.’’ ત્યાં તો દાદાજી તુરત જ બોલ્યા, ‘‘ એક કામ કર મારા દીકરા.’’ માધવને એમ કે, હમણા ખિસ્સામાં હાથ નાખીને દાદાજી કહે, ‘‘ઝટ હડી કાઢય, રસોડમાં તારા દાદીમાં છે. એને કહેજે ગોળની ગાંગડી આપે. એ પણ મીઠી જ લાગે. મીઠી-મીઠી મધ જેવી, સાકર ને ગળ્યુ-ગળ્યુ...માધવભાઈ પણ સમજી ગયા ને હસવા માંડયા, મીઠું-મીઠું ને ગળ્યુ-ગળ્યુ....!

# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. ચિત્ર કરતા મૂર્તિ સ્વરૂપ સારૂ છે. સેવામાં આરંભમાં ધ્યાન કરો. સંપત્તિ પ્રમાણે ખર્ચ કરો. સુંદર સિંહાસન બનાવો. સેવામાં બોલશો નહી. દેહનું ભાન હોય તો તેને નમસ્કાર કરજો. સેવામાં દાસ્યભાવ રાખો.
૨. મૂર્તિમાં ભગવદભાવ ન જાગે ત્યાં સુધી પ્રત્યેક પદાર્થમાં ઈશ્વરભાવ જાગશે નહિ.
૩. કોઈ દિવસ પાપ થયુ હોય અને સેવા કરો તો તે દિવસ પ્રભુ નારાજ થયેલા દેખાશે.
૪. મન મેલુ હશે ત્યાં સુધી સેવામાં આનંદ આવતો નથી.
૫. ભગવાનની સ્તુતિમાં કઈ ભૂલ થઈ હોય તે પ્રણામ કરવાથી પરિપૂર્ણ બને છે.
૬. થોડુ આપો તો પણ ઘણુ માને એ ઈશ્વર, ઘણુ આપો અને થોડુ માને તે જીવ.
૭. પ્રેમ જડને ચેતન બનાવે છે.
૮. જીવ ઈશ્વરને મનાવતો નથી તેથી પરમેશ્વર માનતા નથી.
૯. પ્રેમ કરવા લાયક ઈશ્વર છે સેવા કરતા હૃદય પીગળે અને આંખમાંથી આંસુ નીકળે તો માનજો સેવા કરી.
૧૦. જે ઈશ્વરને આપે છે, ઈશ્વર તેને અનંતગણુ બનાવીએ આપે છે.

# સુખ એટલે



## પ્રસાદ
:: સંપાદક ::
દેવેન્દ્ર એલ. ત્રિવેદી (પુનીતપદરાજ)

-મોહમ્મદ માંકડ

ચંદ્રનાં કિરણોમાંથી બનેલ હોય એવી અત્યંત સ્વરૂપવાન યુવતી વિષેની એક વાતછે.

એના હાથની માંગણી કરવા માટે અનેક પુરુષો આવતા અને એના ચરણોમાં જુદી જુદી વસ્તુઓ ધરવાની તત્પરતા બતાવતા.

એક કહેતો :‘હું તને મોટા મહેલમાં રાખીશ. તને કોઈ પ્રકારનું દુઃખ ન થાય એનુ ધ્યાન રાખીશ.’

બીજો કહેતો : ‘હું તને સોના, ચાંદી, હીરા, માણેકથી શણગારીશ.’

ત્રીજો કહેતો : ‘તારા માટે હું નોકર, ચાકર, બાગ, બગીચા બધી સગવડો કરી આપીશ.કોઈવાતની ઉણપ નહી રહેવા દઉ.’

ચોથા કહેતો : ‘ હું તને દુનિયા આખીના પ્રવાહે લઈ જઈશ. બધા જ સૌંદર્યધામોનો પવાસ કરાવીશ.’

યુવતી બધાની વાત સાંભળતી અને મૌન રહેતી. કોઈ સાથે લગ્ન કરવા માટે તે તૈયાર થતી નહોતી.

અચાનક એક દિવસ એક સામાન્ય દેખાતા પુરુષ સાથે તે પરણી ગઈ.એ પુરુષે તેને માત્ર એટલુ જ કહ્યુ હતુઃ ‘હું તને બીજુ કશુ જ આપી શકુ તેમ નથી, માત્ર પુરુષ તરીકેનો મારો પ્રેમ તને આપીશ.’

# વાર્તા રે વાર્તા



રૂપાયતન પ્રા.શાળા મણિનગરમાં શનિવારે વાર્તા રે વાર્તામાં આવેલા બાકળો યોગા કરે છે. ત્યાર બાદ કબડી, લંગડી રમતો રમ્યાા પછી બાળકોએ ગીતો ગાય, વાર્તા કરી, ટૂચકા કીધા, ઉખાણા પૂંછયા, ડાન્સ કર્યા. આમ બાળકો આનંદથી પોતાની અભિવ્યકિત કરતા શીખે છે. અંતે રાષ્ટ્રગીત બોલી, ત્રિશુલની ચોકલેટ ખાઈ છૂંટા । પડયા.


# જ્ઞાનમંજરી

### ભારતનાં મહત્વનાં સ્થળો

૧.પ્રાચીન ભારતની કઈ વ્યકિત મહાન કાયદા નિષ્ણાંત મનાતી ? - મનુ
૨. ગાયત્રી મંત્ર કયા દેવની ઉપાસના છે?-સૂર્ય
૩. જયસંહિતા કોને કહેવામાં આવે છે?-મહાભારતને
૪. ભાગવત ધર્મમાં કેટલા પ્રકારની ભકિતનો ઉલ્લેખ છે?- નવ
૫. યુગોનો સાચો ક્રમ કયો છે?-કૃત,ત્રેતા, દ્વાપર અને કળીયુગ
૬. ૧૯મી સદીમાં આવેલી ભારતીય નવજાગૃતિના પિતા તરીકે કોણ ઓળખાય છે?-રાજારામ મોહનરાય
૭. વીંટીમાંથી પસાદ થઈ જાય તેવુ મલમલ કાપડ કયા બનતુ હતુ?-ઢાકા
૮. કયા મોગલ બાદશાહેપોતાના પિતાને કેદ કરી રાજગાદી મેળવી હતી?-ઔરંગઝેબ
૯. સાંખ્ય દર્શનનાં રચયિતા કોણ હતા?-કપિલ મુની
૧૦. ભારતીન સૌથી પ્રાચીન સભ્યતા કઈ છે?-સિંધુ ખીણની સભ્યતા

# સૌનું આરોગ્ય

## સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ



### (૧૦) ઉનવા

**કારણઃ** અતિ ગરમ પદાર્થોનાં સેવનથી, તમાકુ, ગુટકા, દારૂ કે બીડીના સેવનથી, માંસભક્ષથી તેમ જ જમ્યા ઉપર જમવાની આદતથી ઉનવા થાય છે.
૧. બે ગ્રામ જીરુ, એક ગ્રામ સાકર સાથે સવાર-સાંજ પાણી સાથે લેવુ.
૨. ઉબરાનું દૂધ ત્રણ-ચાર ચમચી લઈ, તેમા અર્ધી ચમચી સાકર મેળવી પીવાથી ઉનવા મટે છે.
૩. પાણીમાં પલાળેલા તકમરિયા અથવા ઈસબગુલમાં સાકર નાખીને પીવાથી ઉનવા મટે છે.
૪. કેસુડાનું બાફી તેનુ પાણી અર્ધાથી એક ગ્લાસ પીવાથી અને બાફેલા કેસુડાનો લેપ પેડુ પર કરવાથી ઉનવા મટે છે. પેશાબની અટકાયત દૂર થાય છે. પૈશાબ બંધ થઈ ગયો હોય તો પણ આ પ્રયોગ કરવાથી દસ જ મિનિટમાં પેશાબનો ખુલાસો થાય છે.
૫. મેહેષુ ધાત્રિનિશે-મેહ એટલે પ્રેમહ, મધુપ્રમેહ સહિત અઢારે પ્રકારનાં પ્રમેહમાં ધાત્રિ એટલે આમળા અને નિશા એટલે હળદર ઉત્તમ છે. હળદર અને આમળાનું ચૂર્ણ સમાન ભાગે લઈ સવારે અને રાત્રે એક-એક ચમચી પાણી સાથે લેવાથી ઉનવા, પેશાબની અટકાયત અને અઢારે પ્રકારના પ્રમેહ મટે છે.

### (૧૧)ઉદરી(માથાની)

**કારણઃ-** વધુ પડતા ગળ્યા તેમજ ખાટા, ખારા અને તળેલા આહારનાં સેવનથી, અસ્વચ્છતાના કારણે કફની વૃદ્ધિ થઈ રકત દુષિત થતા ઉદરીનુ દર્દ સતાવે છે.
૧. પરવળના પાનનો રસ ઉદરીની જગ્યાએ લગાડવાથી ઉદરી મટે છે.
૨. લીંબોળીનુ તેલ તથા કરંજતેલ સમાન ભાગે મિકસ કરીને તે ઉદરીની જગ્યાએ લગાવવાથી ઉદરી મટે છે.
૩. ઉદરીના દર્દીએ રોજ રાત્રે ત્રિફળા ચૂર્ણ લેવુ. જેથી ઉદરી જલદીથી મટી જશે.

### (૧૨) કળતર

**કારણઃ-** શરીરમાં કાચા આમના વધવાથી, અશકિતથી, તેમજકેટલાક અન્ય દર્દોના લક્ષણ રૂપે પગના કળતર થાય છે.
૧. જીરુ અર્ધો તોલો અને ગોળ અર્ધો તોલો બંને એકસાથે ખૂબ લસોટી, સવાર-સાંજ અર્ધો-અર્ધો તોલો ખાવાથી હાથ-પગ, કેડ કે શરીરમાં કોઈપણ જગ્યાએ થતા કળતર મટે છે.

### (૧૩) કૃમિ

**કારણઃ-** વધુ પડતા મિષ્ટાન કે ગળપણ ખાવાથી, એક વખત લેવાયેલ આહારનું પાચન થયા પહેલા ભોજન કરવાથી, વધુ પડતા દૂધના સેવનથી, તેમ જ વ્યાયામના અભાવથી શરીરની બહાર અને અંદરના મળી કુલ એકવીસ જાતના કૃમિ થાય છે.
૧. કિરમાણીઅજમા અર્ધા તોલો રાત્રે પાશેર પાણીમાં પલાળી રાખી, સવારમાં થોડો ગોળ મેળવી પીવાથી કૃમિની ફરિયાદ દૂર થાય છે.
૨. કીડમાનો રસ સવાર-સાંજ બે આની ભાર પીવો.
૩. કાળીજીરીનો કવાથ પંદર-વીસ દિવસ પીવાથી કૃમિની ફરિયાદ દૂર થાય છે.
૪. વડની વડવાઈઓના કુમળા અંકુર અર્ધો-અર્ધો તોલો વાટી ત્રણ દિવસ પીવાથી કરમ મટે છે.
૫. ખાખરાના બી (પિત્તપાપડો) લાવી, ખાંડીનુ ચૂર્ણ કરવુ, અર્ધો તોલો આ ચૂર્ણ સવાર-સાંજ કૃમિના દર્દીને પાણી સાથે આપવાથી મટે છે.
૬. પિત્તપાપડો ૨૫ ગ્રામ, ફડાછાલ ૨૫ ગ્રામ, વાવડિંગ ૫૦ ગ્રામ-આ ત્રણે ઔષધ લાવી, સાફ કરી, ખાંડીને ચૂર્ણ કરવુ, ઉમર પ્રમાણે એકથી બે ગ્રામની માત્રમાં રોજ સવારે પાણી સાથે લેવાથી ચારે પ્રકારના કૃમિનો નાશ થાય છે.

### (૧૪) કપાસી

**કારણઃ-** રકતને દૂષિત કરનારા આહારથી, વિરૂદ્ધ આહારના સેવનથી, તેમ જ પગની પાનીમાં કાંટા, કાચ, કે ખીલી વાગવાથી આમ બંને કારણસર પગની પાનીમાં કપાસી થતી જોવા મળે છે.
૧. લોહી નીકળે તેમ કપાસી કાઢવી તેની અંદર ભીનો કળીચૂનો ભરી દેવો. ઉપર પાટો બાંધી દેવો. કળીચૂનો નીકળી જાય તો ફરીથી ભરવો. આથી અનેક માણસોની કપાસી મટી છે.
૨. કપાસી ઉપર સહેજ પાણી મૂકી, માટીના ઠીકરા વડે પાંચ મિનિટ સુધી દિવસમાં ત્રણ વખત ઘસવાથી આઠથી પંદર દિવસમાં કપાસી મટે છે.

# આખું ગગન અમારૂં

## બાળવાર્તા
દિપ્તિબેન પી. રાવળ
ઉપલેટા-જિ.રાજકોટ

એક ગામ હતું. તેમાં એક છોકરો રહેતો હતો. એનું માન જગન હતું. તેને પક્ષીઓ પાળવાનો બહુ શોખ હતો. પકડીને પીંજરામાં પુરી દેતો. પછી તેને સારૂં સારૂં ખાવાનું પણ આપતો.

તેનાં માતા પિતા તેને સમજાવે : જો જગન બેટા, પક્ષીઓને તો ઊડવું ગમે. તું એને પીંજરામાં પૂરી દે એ બરાબર નથી.

પણ જગન કોઈનું માને જ નહી. એ માતા પિતા ઘરે ન હોય ત્યારે એ પક્ષી પકડવાની ટ્રિક કરતો.

તેના ઘરે આગળ મોટું ફળિયું હતું. જગન એક સુંડો લેતો. સુંડાને એક નાની પાતળી સોટીથી ઊંચો અડધો રાખતો. સોટીની વચ્ચે લાંબી દોરી બાંધી દેતો. સુંડાનો અડધો ભાગ ઊંચો હોય અને ખુલ્લો હોય.

લાંબી દોરી લઈને દૂર દૂર બેસતો. સુંડા નીચે અનાજના દાણા નાખી દોરીનો છેડો પકડીને દૂર ચાલ્યો જતો.

પક્ષીઓ દાણા ચણવા સૂંડા નીચે આવે. જગન દોરી ખેંચતો પક્ષી પુરાય જતું.

જગન તેને પકડીને પીંજરામાં પૂરી દેતો. તેના માતા પિતા એને ખીજાય. પણ એ માનતો નહિ.

એક દિવસ તેને ભાવતી વાનગીઓ તેની માએ બનાવી. જગન રાજી થઈ ગયો. વાહ આજ મજા પડશે.

પણ તેના માતાપિતાએ જગનને એક શરત મૂકી. તેને ઓરડામાં જ બેસીને ખાવાનું કહ્યું કયારેય બહાર નહિ નીકળવાનું.

જગનને ઓરડામાં પૂરી દીધો. સારૂં સારૂં ખાવાનું હતું. છતાં સાંજ સુધીમાં જગન રાડો પડવા લાગ્યો : એ મને ઓરડામાંથી બહાર કાઢો.

માતા પિતાએ કહ્યું ના, અંદર જ રહે. તને જે ભાવે એ તને આપશું. પણ ઓરડા બહાર નથી કાઢવો.

જગન રડવા લાગ્યો : મને નથી ગમતું. મને નથી ગમતું બહાર કાઢો.

ત્યારે માએ કહ્યું : બેટા, પક્ષીઓને પણ પુરાય રહેવું ન ગમે. એને તો પાંખો છે. એને તો ગગનમાં ઉડે તો જ ગમે, તું એને પૂરી રાખે તો કેટલું દુઃખ થાય ? તું એક દિવસ પણ ઓરડામાં પુરાઈને રહી શકતો નથી. તો પેલા પક્ષીઓને પીંજરામાં પુરાય રહેવું ગમે ખરૂં. ? જગનને માતા પિતાની વાત સમજાય ગયી : હવે મને બહાર કાઢો, હું પક્ષીઓને કયારેય પીંજરામાં નહિ પુરૂં.

જગનને બહાર કાઢયો. તેણે પીંજરામાં પુરેલા પક્ષીને આઝાદ કર્યુ. પક્ષી કિલકિલ કરતું ઊડીને ગગનમાં ગયું. જાણે કહેતું ગયું. : આ આખું ગગન અમારૂં છે.


# ઝળહળ ઝાકળ
લેખમ : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## ગુરખો અને મૂરખો

વાત આમ તો બાળવાર્તા જેવી લાગે, પણ છે સાવ સાચી ! એક ઓરડામાં બે માણસો સાથે રહે - એક ગુરખોને બીજો મૂરખો. (માત્ર પ્રાસ મળ્યેથી વાત પૂરી થતી નથી !) ગુરખો સંરક્ષણ કરે, મૂરખો બધું ઉધુ વાળે...એક બનાવે, બીજો બગાડે, છતાંય રહે સાથે ! - આનો કોઈ ઉપાય ?- મહાત્માઓ પાસે ખરો, પણ તેમની પાસે જાય કોણ ?

આપણા મનરૂપી ઓરડામાં શુભ-અશુભ ભદ્ર-અભદ્ર, મંગલ-અમંગલ તત્વો સાથે જ નથી રહેતા ? - કોણ ના પાડે છે?- છાતી પર હાથ મૂકો !

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પ્રયોગ - ૭
## વર્મી કોમ્પોસ્ટ ખાતર

**હેતુઃ** અળસિયનું ખાતર (વર્મીકોમ્પોસ્ટ) બનાવવુ
**સાધનઃ** પ્લોસ્ટિકની ડોલ, કૃષિ કચરો, કાતર, કંતાનનો કોથળો
**પદાર્થઃ** માટી, પાણી, કૃષિકચરો, અળસિયા
**રીતઃ**
-બગીચામાંથી લીલો કે સૂકો કૃષિ કચરો ભોગ કરો.
-કાતર વડે કૃષિ કચરાના નાના નાના ટ્રકડા કરો.
-કૃષિ કચરો અને માટી બંને સરખા ભાગે પ્લોસ્ટિકની ડોલમાં લઈ ભેળવો તેમા ભેજ જળવાઈ રહે તેટલુ પાણી રેડો.
-ડોલમાં થોડા અળસિયા મૂકો.
-કોથળાને ભીનો કરો ડોલ ઉપર ઢાંકી દો.
-થોડા દિવસ પાણીનો છટકાવો કરવો અને કોથળાને પણ ભીનો કરતા રહો જેતી ભેજ જળવાઈ રહે.
**અવલોકનઃ**
- અળસિયાનું પ્રજનન થવાથી તેની સંખ્યામાં વધારો થાય છે.
-અળસિયા ડોલમાના માટી અને કચરાનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે.
-ઉત્સર્જન ક્રિયામાં ચરક (ધન કચરો) ડોલમાંની માટીના ઉપરના ભાગે ઠાલવે છે.
**તારણઃ** આ પ્રમાણે તૈયાર થયેલા ખાતરને વર્મીકોમ્પોસ્ટ (અળસિયાનું ખાતર) કહે છે.

## પ્રયોગની પાંખે
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવત પારેખ




**ઠંડીમાં આપણુ શરીર કેમ ધ્રુજે છે ?**

કુદરતે પ્રાણીમાત્ર માટે નક્કી તાપમાન આપ્યુ છે. અને બદલાતી ઋતુમાં પણ એ તાપમાન પ્રમાણમાં બદલાયય એ માટુ કુદરતી ઓયજન થતુ હોય છે. ઠંડીમાં આ તાપમાનનુ નક્કી થયેલુ પ્રમાણ ટકી રહે તે માટે શરીરમાંથી ગરમી ઠંડીને કારણે ઓછી થતી હોય છે. એટલે શરીર ધ્રુજે છે. શરીરમાંના સ્નાયુઓ ગુમાવેલી ગરમી પાછી લાવવા શરીરને હલચલમાં મૂકે છે. એટલે કે કસરત કરાવે છે જેને લીધે આપણે ધ્રુજારી અનુભવીએ છીએ. જો આવા સમયે આપણે ઝડપથી ચાલવાની ક્રિયા કરીએ કે કસરત કરીએ તો પણ ઘટેલી ગરમી પાછી મળે છે. જેથી શરીરને ધ્રુજવુ ન પડે.


# આ મારું ચિત્ર છે





કાવ્યા વિનુભાઈ નિમાવત
(ધોરણ-૭)



કિંજલ નરેશભાઈ વાઘેલા
(ધોરણ - ૭, શ્રી પાણિયા પ્રા.શાળા)



કોરેજા શાહનવાજ શરીફ હસુનભાઈ એડ ડી સઘવી
એડ ડી સઘવી રૂપાયતન પ્રા.શાળા મરીનગર




મકવાણા જીનલ નરેન્દ્રભાઈ
(ધો.૭ -બી)

# અમરેલી જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓએ વેશભૂષા ધારણ કરી આઝાદીના વીર સપુતોને યાદ કર્યા






અમરેલી જિલ્લામાં સ્વાતંત્રય પર્વ અંતર્ગત ' હર ઘર તિરંગા ' અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. જિલ્લામાં તા. ૮ થી તા. ૧૦ ઓગસ્ટ દરમ્યાન ગ્રામ્ય કક્ષાએ થઈ રહેલી ઉજવણી અંતર્ગત ચિત્ર અને રંગોળી વેશભુષા વગેરે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાઓમાં આ ઉજવણીના ભાગરૂપે વેશભુષા સ્પર્ધા, દેશભકિતની થીમ પર વકતૃત્વ તેમજ રંગોળી સ્પર્ધા જેવા રચનાત્મક અને સાંસ્કૃતિક કાર્યક્રમોના માધ્યમથી દેશભકિતની જયોત પ્રજવલ્લિત થશે. શુક્રવારે જિલ્લાની વિવિધ શાળાઓમાં પારંપારિક વેશભૂષા પહેરીને આવેલા વિદ્યાર્થીઓ દેશભકિતના રંગે રંગાયા હતા. વિદ્યાર્થીઓએ માનવ સાંકળ રચીને હાથમાં તિરંગો લઈ દેશનો નકશો બનાવ્યો હતો. આ દિવસો દરમ્યાન ઘરે–ઘરે ભારતની આન બાન અને શાન સમો તિરંગો લહેરાવી અને નાગરિકો દેશભકિતના પર્વમાં જોડાશે.

### ૭૮ માં સ્વાતંત્રય પર્વની ઉજવણી અંતર્ગત

## બાબરા ખાતે ૧૨ ઓગષ્ટનાં રોજ યોજાનારી તિરંગા યાત્રાને લઈને ધમધમાટ શરૂ

### ભાજપ મહામંત્રી બસિયાનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

બાબરા તા. ૯

બાબરામાં ૭૮માં સ્વાતંત્રતા પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવશે અને તેના ભાગરૂપે તા. ૧૨ ઓગસ્ટના રોજ સવારે ૯ કલાકે શહેર અને તાલુકા ભાજપ દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરરવામાં આવશે જેના સુચારૂ આયોજન માટે અહીં તાલુકા પંચાયત કચેરી ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાના અધ્યક્ષ સ્થાને શહેર અને તાલુકા ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓની બેઠક યોજાય હતી જેમાં તિરંગા યાત્રાના રૂટ અને સમગ્ર કાર્યક્રમ વિશે જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા દ્વારા સમજણ આપવામાં આવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



તા.૧૨ ઓગસ્ટના રોજ સવારે ૯ કલાકે તિરંગા યાત્રા અહીં તાપડીયા આશ્રમ ખાતેથી પ્રસ્થાન થઈ મુખ્ય બજાર, નાગરિક બેંક ચોક પસાર થઈ એસ.ટી. ડેપો ખાતે સમાપન થશે શહેર અને તાલુકાના ભાજપ અગ્રણીઓ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાશે તેમજ સામાજીક અને રાજકીય અગ્રણીઓ તેમજ વેપારીઓ અને સામાન્ય પબ્લિકને પણ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં જોડાવવા ભાજપના અગ્રણીઓ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી ચેરમેન અશ્વિન મકવાણા, લલિતભાઈ આંબલિયા, ભુપતભાઈ બસિયા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, કિરીટભાઈ બગડા, રસિકભાઈ ગોજારીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાની બહેનોને

૨૦૨૨ની ચૂંટણી પૂર્વે આંદોલન બાદ થયેલ સમાધાન મુજબ વચનો આપવામાં આવેલ હતા. જેવા કે, (૧) નવા ફ્રેશ સારી કવોલીટીનાં મોબાઈલ આપવા (૨) વર્કરમાંથી સુપરવાઈઝરમાં પ્રમોશનની ૪૫ વર્ષની વય મર્યાદા દુર કરવી (૩) નિવૃત્તિ વય મર્યાદા ૬૦ કરવી (૪) વર્કરનાં વેતનનાં ૭૫% હેલ્પરને વેતન આપવા (૫) આઈસીડીએસ સિવાયની અન્ય વધારાની કામગીરી ન સોંપવી (૬) આંગણવાડી વર્કરોની પ્રો. ફંડ, ઈએસઆઈ તથા પેન્શન યોજનાનો લાભ આપો (૭) આંગણવાડી વર્કરોને ભર પગારી રજાર તથા માંદગીની રજામાં વધારો કરવા સહિતની રજૂઆતો કરાઈ હતી જે વચનો પુરા કરાયેલ નથી. સતત રજૂઆતો કરાયેલ છતાં આપનાં ધ્વારા સંગઠન સાથે બેઠક યોજવામાં આવેલ નથી. જેથી ૧૦મી જુલાઈ ૨૦૨૪નાં રોજ રાષ્ટ્રવ્યાપી માંગ દિવસ ધ્વારા પણ વિનંતિ કરી હતી કે અમાર આ પડતર માંગણીનો ઉકેલ લાવવામાં આવે તથા અધિકારી તથા મંત્રી કક્ષાની બેઠક યોજવામાં આવે તેવી વિનંતિ છે.

તાત્કાલીક ખાસ ધ્યાન આપી ત્વરીત ઉકેલ લાવવા (૧) તમામ જિલ્લાઓમાં આંગણવાડી કેન્દ્રોનાં મકાન ભાડા, મસાલાના બીલો, ગેસના બાટલાના પૈસા, કન્ટીજન્સી, કલેકસી ફંડ વિગેરેનાં ચૂકવણા સમયસર નિયમિત કરવામાં આવતા નથી અને તે બાબતે મોટો ભ્રષ્ટાચાર ચાલે છે. તેના માટે ચોકકસ વ્યવસ્થા ફોલોઅપ મોનીટરીંગ સાથેની ગોઠવવામાં આવે. (૨) સરકાર તમામ કામ ડીઝીટલ કરાવે છે પરંતુ સરકારે આપેલ મોબાઈલ બંધ છે. બહેનો સરકારની આબરૂ બચાવવા પોતાના અંગત મોબાઈલથી કામ કરતી હોવા છતાં મોટા ભાગનાં જિલ્લાઓમાં મોબાઈલ ઈન્સેન્ટીવના બીલો ચુકવવામાં આવ્યા નથી. અમદાવાદ–નવસારીનાં વર્કરોને ચુકવણા થયા પરંતુ હેલ્પરોને ચુકવણા નથી. બીજા જિલ્લાઓમાં બીલકુલ ચુકવણું થયેલ નથી. ગ્રાન્ટ નથી તેમ જણાવવામાં આવે છે. (૩) દાહોદ જિલ્લામાં પોષણ સુધાનાં બીલો ચુકવાતા નથી. ઓડીટના નામે ધમકાવીને બેફામ લૂંટ ચલાવી વર્કર પાસે પૈસા લેવામાં આવે છે. (૪) સુપ્રીમ કોર્ટનો હુકમ અને જિલ્લાઓમાં લેબર કોર્ટનો હુકમ થયેલ ગ્રેચ્યુટીનાં કેસોમાં ગ્રેચ્યુટીની રકમ ચુકવવામાં આવી નથી. (૫) બાળ કોના પોષણક્ષમ આહાર માટે ખરીદવામાં આવતા મસાલા, ગોળ, શાકભાજી, ચણા, દાળ વિગેરેનાં જુના ભાવ પોસાતા ન હોઈ બજાર ભાવ પ્રમાણે બીલ ચુકવણા કરવામાં આવે. (૬) દિવાળી બોનસ આપવામાં આવે (૭) વર્ષ ૨૦૨૨ નાં સમાધાન સમયે વચન અપાયેલ હતું તે રોજીંદી કામગીરી માટે સારી કવોલીટીનાં તથા ટોચની કંપનીનાં નવા મોબાઈલ અથવા તેની રકમ વર્કરના ખાતામાં જમા કરાવવામાં આવે (૮) યુનિફોર્મ અપાયા પરંતુ બ્લાઉઝની સિલાઈ હજુ સુધી આપવામાં આવેલ નથી તે રૂા. ૭૫ અપાતા હતા તેમાં વધારો કરી રૂા. ૩૦૦ મુજબ ચાર યુનિફોર્મનાં સિલાઈનાં રૂા. ૧૨૦૦ લેખે આપવામાં આવે.

ઉપરોકત અમારી માંગણીઓ ઉપર તાત્કાલીક ધ્યાન આપી વ્હેલીતકે ઉકેલ લાવવા માંગણી કરીએ છીએ તેમ અંતમાં જણાવેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્ર નરેન્દ્ર મોદીને ૧૦ વર્ષ પહેલા જયારે તેઓ રાજયનાં મુખ્યમંત્રી હતા અને લોકસભાની ચૂંટણીનો પ્રચાર કરતાં હતા ત્યારે તેઓએ જણાવેલ કે, રાજયની મારી બહેનો મને પ્રધાનમંત્રી બનાવો અને તમારે કોઈ સમસ્યા હોય તો દિલ્હીમાં બેસનાર તમારા ભાઈને એક પોસ્ટકાર્ડ લખજો એટલે તમને ન્યાય મળી જશે અને આજે ભાઈ ૧૦ વર્ષથી પ્રધાનમંત્રી છે બહેનો પત્ર લખી–લખીને થાકી છતાં ન્યાય મળતો નથી. રક્ષાબંધનનું પર્વ આવતું હોય ભાઈ બહેનને ન્યાય આપે તે જરૂરી છે.

### જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને

## અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ

### તમાકુ નિયંત્રણ ધારા અંતર્ગત રૂા. ૭૦,૧૫૫ દંડની રકમની વસૂલાત

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અપ્રયક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશન (રસીકરણ) અને રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ હેઠળ જિલ્લા કક્ષાની તમાકુ નિયંત્રણ સ્ટિયરિંગ સમિતિ બેઠકમાં એજન્ડા મુજબ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૪ના એપ્રિલ થી શરૂ કરી આજ સુધી કરવામાં આવેલ રસીકરણની કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. રસી મેળવવાના બાકી હોય તેવા બાળકોને રસીકરણ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવશે. ફિલ્ડ પર સર્વે વધારવા, રસીકરણને લગતી કામગીરી ઘનિષ્ઠ રીતે કરવા બાબતે થાય તે માટે હાથ ધરવાની કાર્યવાહી વિશે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ અન્વયે જિલ્લામાં સંચારી રોગની હાલની પરિસ્થિતિને લઈને ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લામાં સંચારી રોગ – રોગચાળો નથી. એક્યુટ એન્કેફેલાઈટીસ સિંડ્રોમ (ચાંદીપુરા) અન્વયે કુંકાવાવના બાંભણીયા મુકામે એક શંકાસ્પદ દર્દી હોય તે અંગેની કામગીરી અંતર્ગત જિલ્લા ટીમ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેવગામના કર્મચારીઓ દ્વારા આસપાસના ઘરોમાં સર્વે હાથ ધરી, દવા છંટકાવ કરવામાં આવ્યો. સંચારી રોગ બાબતે બરફ ફેક્ટરી, ઠંડા પીણાંની દુકાનો, લારીઓ, પાર્લરો, રસના સીસોડા, ખુલ્લામાં ખાદ્ય ખોરાક વહેંચતા હોય તેવા સ્થળો વગેરેમાં યોગ્ય રીતે નિયમિત ચેકિંગ હાથ ધરવા અને ક્લોરિનેશન અંગેની કામગીરી માટે જિલ્લા કલેક્ટરએ સંબંધિત અધિકારીને સૂચનાઓ આપી હતી. વર્ષ–૨૦૨૪માં ક્રિમિયન કોંગો હેમરેજીક ફિવર અને હડકવાના એકપણ કેસ નોંધાયા નથી. જુલાઈ–૨૦૨૪ દરમિયાન એનિમલ બાઈટ (રેબિઝ)ના ૬૩૧ કેસ નોંધાયા છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મેલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનિયાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઇ હતી. ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ–તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા શાળા કાર્યક્રમ ગાઈડ મુજબ શાળા વિસ્તારથી નજીક હોય તેવા વિસ્તારમાં તમાકુ યુક્ત પદાર્થોનું વેચાણ થઇ શકે નહીં તે બાબતે કાયદાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તે સહિતની વિશેષ સૂચનાઓ જિલ્લા કલેક્ટરએ આપી હતી.

ઉલ્લેખનીય છે કે, વર્ષ–૨૦૨૪ના એપ્રિલ થી જૂન દરમિયાન જિલ્લા સ્કવોડ, આરોગ્ય, પોલીસ, શિક્ષણ, વાહનવ્યવહાર, ખોરાક અને ઔષધ નિયમન, નગરપાલિકાઓ દ્વારા તમાકુ નિયંત્રણ ધારાના ભંગ બદલ વિવિધ કલમો અંતર્ગત ૮૫૪ કેસ નોંધાયા, દંડ પેટે ઠ.૭૦,૧૫૫ની રકમ વસૂલ કરવામાં આવી. બેઠકમાં નાયબ પોલીસ અધિકારી ગોહિલ, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, આરોગ્ય શાખાના અધિકારી –કર્મચારીઓ અને નગરપાલિકાઓના ચીફ ઓફિસરો અને સમિતિના સભ્યો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## ધારીનાં સફારી પાર્ક પ્રવાસીઓ

પીવાના પાણી માટે ૯ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે.

આ સફારી પાર્કમાં વિવિધ પ્રકારના આકર્ષણો વિકસિત કરવામાં આવ્યા છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગીરનું કુદરતી સૌંદર્ય અને ગીરના ડાલામથ્થા સિંહ પ્રવાસીઓને આકર્ષે છે. વેકેશન દરમિયાન વિવિધ રાજયો અને વિવિધ દેશના પ્રવાસીઓ ગાંડી ગીરમાં મહેમાન બનીને ગીરના અદભૂત સૌંદર્યને માણે છે. પ્રવાસીઓ ગીરના સૌંદર્યને નિહાળી શકે તે માટે વ્યૂ પોઈન્ટ બનાવવામાં આવ્યો છે.

ધારી આંબરડી સફારી પાર્ક ખાતે રિસેપ્શન ડેસ્ક, વેઈટીંગ એરિયા, ફૂડ કોર્ટ, વિશાળ પાર્કિંગ, વોટર અને સેનિટેશન સહિતની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે. નજીકના ભવિષ્યમાં પ્રવાસીઓ સિંહ સહિતના વન્યપ્રાણીઓની અવાજ સહિતની દુનિયા માણી શકે તે માટે ઈન્ટર પ્રિટેશન સેન્ટરની કામગીરી પ્રગતિ તળે છે. ફેરો સિમેન્ટથી બનેલ એશિયાનું વિશાળ એશિયાટિક સિંહનું પ્રાઈડ, બ્રોન્ઝ લાયન, મેટલ સિંહ, હરણ સહિતના સ્કલ્પચર અને એમ્ફી થિયેટર સહિતની બાબતો પ્રવાસીઓમાં અનેરૂં આકર્ષણ બન્યું છે.

આંબરડી સફારી પાર્કમાં ડિસ્પ્લે પર રાખવામાં આવેલ સિંહોના હુલામણાં નામ પણ છે. બસ સફારી દરમિયાન શેલજા નામની સિંહણ અને ગીરનો મોસ્ટ ફેમસ ડાલામથ્થો સિમ્બા નામનો હાવજ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બને છે. પ્રવાસીઓ સિંહોને નજીકથી નિહાળીને બસ સફારીનો રોમાંચક આનંદ માણે છે.

આંબરડી સફારી પાર્ક ખાતે બસ સફારીનો આનંદ માણતા પ્રવાસી અને બગસરાના વતની બકુલભાઈ કોરાટ જણાવે છે કે, આ સફારી પાર્કમાં અમે એશિયાટિક સિંહોને નજીકથી નિહાળ્યા છે. રાજય સરકાર અને વન વિભાગ દ્વારા આ સફારી પાર્કને ખૂબ સારી રીતે વિકસિત કરવામાં આવી રહ્યો છે. તેમણે ગીર જંગલની પ્રકૃતિને અને વન્યજીવો સૃષ્ટિમાં તરબોળ થવાનો આનંદ માણ્યો હતો અને બસ સફારી દરમિયાન પોતાના અનુભવો જણાવ્યા હતા.

ગુજરાત એ વિદેશી પ્રવાસીઓની પ્રથમ પસંદગી બન્યું છે. આંબરડી સફારી પાર્ક એ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજયનું ગૌરવ છે, પ્રવાસીઓને ઉત્કૃષ્ટ સુવિધાઓ મળી રહે તે માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. ઉલ્લેખનીય છે કે, એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે ગુજરાત રાજય વિ સિંહ દિવસની ઉજવણી કરી રહ્યુ છે. અમરેલી સહિત સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં વર્કશોપ યોજાશે. સ્થાનિક પ્રતિનિધિઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, પ્રકૃતિ પ્રેમીઓ સહભાગી બનશે. વિ સિંહ દિવસની ઉજવણી સિંહોના સંરક્ષણ માટેનો એક સહિયારો પ્રયાસ છે. ગુજરાત પ્રવાસનની દ્રષ્ટિએ સમૃદ્ધ રાજય છે. આંબરડી સફારી પાર્ક અને તેની વિશેષતાઓ વિશે નાગરિકો જ્ઞાત થાય તે માટે સરકાર દ્વારા વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

**આલેખન – ડી.એન.વાળા**
**તસવીર – એમ.એમ.ધડુક**

## અવસાન નોંધ

**અમરેલી :** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ અમરેલી નિવાસી ગં.સ્વ. જયાબેન રમણીકભાઈ દવે તે ભરતભાઈ આર. દવે, ભદ્રેશભાઈ આર. દવે, ભાવનાબેન એસ. મહેતાનાં માતુશ્રી તથા નીતાબેન બી. દવે, પન્નાબેન બી. દવે તથા શ્યામલભાઈ વી. મહેતાનાં સાસુ, વિભુતી, માહીનાં દાદીમાં અને ભુમિતનાં નાનીમાંનું દુઃખદ અવસાન થયેલ છે.



તેમનું બેસણું તા. ૧૦/૮/૨૦૨૪ને શનિવારે બપોર બાદનાં સમય ૪ થી ૬ બાજ ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ, નાગનાથ બસ સ્ટેન્ડની પાછળ, મ્યુનિસિપલ ગર્લ્સ સ્કુલ સામે, અમરેલી ખાતે રાખેલ છે. ફોન : ૯૪૨૮૧ ૧૬૮૫૮

પાના ૧ ઉપરનું ચાલું

## લાઠીનાં રામપર ગામેથી

નામનાં ૭૫ વૃધ્ધ ખેડૂતની ભાગવી વાવવા રાખેલ વાડીના મજુર રોહીતભાઈ અંધારભાઈ નાયકે વાડી માલીકનું વાદળી કલરનું મીની ટ્રેકટર નં. જી.જે.–૧૪ બીએ ૪૨૫૫ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦નું ચોરી કરી નાસી ગયેલ હોય આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાય હતી.

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા લોકભાગીદારીથી જિલ્લામાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા પૈકી લાઠી ટાઉન તથા તાજપરા તથા ભુરખીયા ગામે કેમેરા ચેક કરવામાં આવેલ હતા. જે આધારે આરોપીને ટ્રેકટર લઈને જતા જોવા મળેલ હોય. જે અંગે અંગત ઈસમને લાઠી સર્વેલન્સ ટીમે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૬ | ૧૦૮૧ |
| ૨ | શિંગ મોટી | ૯૧૫ | ૧૨૨૧ |
| ૩ | શિંગદાણા | ૧૨૬૫ | ૧૪૯૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૯૫ | ૧૪૨૬ |
| ૫ | તલ સફેદ | ૧૭૨૦ | ૨૪૯૬ |
| ૬ | તલ કાળા | ૨૭૨૦ | ૩૫૬૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૪૯૧ |
| ૮ | જુવાર | ૩૬૦ | ૮૦૧ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૫૪ | ૬૧૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૨ | ૫૮૪ |
| ૧૧ | મકાઈ | ૪૧૧ | ૪૧૧ |
| ૧૨ | મગ | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૪૦૨ |
| ૧૪ | તુવેર | ૧૩૫૦ | ૧૯૬૦ |
| ૧૫ | કપાસ | ૯૩૫ | ૧૫૫૪ |
| ૧૬ | એરંડા | ૮૭૦ | ૧૧૬૦ |
| ૧૭ | જીરૂ | ૪૦૨૫ | ૪૫૯૦ |
| ૧૮ | રાયડો | ૯૫૨ | ૯૫૨ |
| ૧૯ | ધાણા | ૯૪૦ | ૧૨૭૧ |
| ૨૦ | અજમા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૨૧ | સોયાબીન | ૭૭૦ | ૮૨૫ |
| ૨૨ | કાંગ | ૧૦૫૧ | ૧૦૫૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | જુવાર સફેદ | ૭૫૦ | ૭૫૦ |
| ૨ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૦ | ૧૧૨૩ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૫૧ |
| ૩ | શીંગ દાણા | – | ૧૦૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૨૪ |
| ૫ | જીરૂ | ૪૫૦૦ | ૪૭૭૦ |
| ૬ | કપાસ | ૧૨૨૫ | ૧૫૧૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૨ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૬૩ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૬૪૦ |
| ૧૧ | મગ | ૧૪૫૦ | ૧૫૮૦ |
| ૧૨ | અડદ | – | ૧૮૮૦ |
| ૧૩ | ચણા | ૧૨૦૦ | ૧૩૪૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૬૪ | ૧૫૨૬ |
| ૨ | જીરૂ | ૪૪૧૫ | ૪૫૨૫ |
| ૩ | ઘઉં | ૪૬૧ | ૫૧૯ |
| ૪ | તલ સફેદ | ૨૨૯૦ | ૨૩૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૨૮૦ | ૧૩૬૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૪૦ |
| ૪ | સોયાબીન | ૬૮૬ | ૮૦૩ |
| ૫ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ૬ | ધાણા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૭ | જુવાર | ૫૭૦ | ૫૭૦ |
| ૮ | શીંગદાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૯ | મકાઈ | ૩૫૦ | ૩૫૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૩૫ |
| ૧૧ | મગફળી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૧૨ | મગ | ૧૫૩૦ | ૧૫૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૪૫ |
| ૩ | કપાસ | ૧૪૦૦ | ૧૪૪૧ |
| ૪ | બાજરો | ૪૬૦ | ૫૪૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૪૭ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૭૧૬ |
| ૭ | મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૯ | એરંડી | ૯૨૬ | ૯૨૬ |
| ૧૦ | શીંગદાણા | ૧૪૪૭ | ૧૪૪૭ |
| ૧૧ | રાય | ૧૦૬૦ | ૧૦૬૦ |

# જાફરાબાદ તાલુકામાં 'હાથ સે હાથ જોડો' કોંગ્રેસના અભિયાનના પ્રમુખ ઉપપ્રમુખની નિમણુંક કરાઈ



જાફરાબાદ, તા. ૯

જાફરાબાદ તાલુકામાં દિવસે ને દિવસે કોંગ્રેસનું સંગઠન વધુમાં વધુ મજબુત બનાવવા માટે કોંગ્રેસ પક્ષ દ્વારા આજે હાથ સે હાથ જોડોના ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલ ઈન્દ્રનીલ રાજગુરૂ વશરામભાઈ સાગઠીયા અને સત્યમભાઈ મકાણી દ્વારા જાફરાબાદ તાલુકાના હાથ સે હાથ જોડો કોંગ્રેસના પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ વરૂ, ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ વી સાખટ, જશુભાઈ એમ ધાખડા, ઉકાભાઈ પરમાર, આરીફભાઈ સરવૈયાની વરણી કરવામાં આવેલી છે અને આ વરણીને અમરેલી જિલ્લાના આગેવાન પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દુધાત, વિરજીભાઈ ઠુંમર, જેનીબેન ઠુંમર, ટીકુભાઈ વરૂ તેમજ જાફરાબાદ તાલુકાના કોંગ્રેસ પ્રમુખ નાથાભાઈ પરમાર, કાદરભાઈ જાડેજા, રમેશભાઈ મકવાણા, હરેશભાઈ બાંભણિયા, યુવરાજભાઈ વરૂ સહિતના કોંગ્રેસ જાફરાબાદ તાલુકાના આગેવાનોએ આ વરણીને આવકારી છે તેમ આજ છે અમરેલી જિલ્લા હાથ સે હાથ જોડો પ્રમુખ વિપુલભાઈ પોકિયાની યાદીમાં જણાવ્યું છે.

### પદ્મભુષણ કમલેશ પટેલનાં વરદ હસ્તે

# ભૈ : વાહ લાઠીનાં હરસુરપુર દેવળીયા ખાતે ફુલીબા સરોવરનું લોકાર્પણ કરવામાં આવ્યું

### પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા




લાઠી, તા. ૯

લાઠીના હરસુરપુર દેવળીયા ખાતે ગાગડીયો નદી પર ધોળકીયા ફાઉન્ડેશનમાં પદમશ્રી સવજીભાઈ ધોળકીયાએ પોતાના માતુશ્રી ફુલીબાના નામથી સરોવરનું નિર્માણ કરવામાં આવેલ જેનું આજે હાર્ટફુલનેસ એડીટેશન સંસ્થાના સ્થાપક પદમભુષણ કમલેશ પટેલ (દાજી)ના વરદહસ્તે ફુલીબા સરોવરનું લોકાર્પણ કરવામાં આવેલ નિર્માણ થયેલ સરોવરથી દેવળીયા કેરીયા સહિતના ગામોના જળસ્ત્રોતમાં મોટો ફાયદલ થશે આ પ્રસંગે ધનજીદાદા ધોળકીયા, ફુલીબા, પદમશ્રી સવજીભાઈ ધોળકીયા હિંમતભાઈ ધોળકીયા, બ્રિજેશભાઈ ધોળકીયા, સરપંચો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. ત્યારબાદ હેતની હવેલી ખાતે પદમભુષણ કમલેશ પટેલ (દાજી)ના સાનિધ્યમાં હાર્ટફુલનેશ રીત આપણા જીવનમાં હેતુ અને અર્થની ભાવના સ્થાપિત કરવા હેતુસરનો કાર્યક્રમ યોજાય ગયો હતો. જેમાં ધોળકીયા ફાઉન્ડેશનના પદમશ્રી સવજીભાઈ ધોળકીયાએ આપી સન્માન કરેલ ત્યારબાદ સવજીભાઈએ સૌને આવકાર્યા હતા. ત્યારબાદ પદમભુષણ કમલેશ પટેલે આધ્યત્મિક પ્રવચન અને યોગ દયાન અંગે માર્ગદર્શન પુરૂ પાડેલ આ તકે પર ગામના સરપંચોનું સન્માન કરવામાં આવેલ.

# પીએમ મોદી અને રાહુલ ગાંધીએ કરી ચા પર ચર્ચા

નવી દિલ્હી, તા.૯

લોકસભામાં સંસદ સત્ર સ્થગિત થયા બાદ શુક્રવારે (૯ ઓગસ્ટ) અનૌપચારિક ચા બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા તથા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એકબીજાનું અભિવાદન કર્યું. આ દરમિયાન બંને નેતાઓએ ગરમજોશીથી નમસ્તે કર્યું. આ દરમિયાન રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહને યુક્રેનની પરિસ્થિતિ વિશે પૂછ્યું, જેના પર રક્ષા મંત્રીએ કહ્યું કે ભારત આ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.લોકસભા સદનની કાર્યવાહી શુક્રવારે (૯ ઓગસ્ટ) અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરી દેવામાં આવી છે. ગયા મહિને ૨૨ જુલાઈથી શરૂ થયેલા આ સત્રની કાર્યવાહી ૧૨ ઓગસ્ટ સુધી ચાલવાની હતી. પરંતુ, તેનું સમાપન શુક્રવારે જ કરી દેવામાં આવ્યું. આ દરમિયાન લોકસભા સ્પીકરે સત્ર દરમિયાન સદનની કાર્યવાહીના સુચારુ સંચાલનમાં સહયોગ કરવા બદલ વડાપ્રધાન, સંસદીય કાર્ય મંત્રીઓ, વિપક્ષના નેતા, વિવિધ પક્ષોના નેતાઓ અને સાંસદો પ્રત્યે આભાર પણ વ્યક્ત કર્યો.આ દરમિયાન સંસદ સત્ર સ્થગિત થયા બાદ અનૌપચારિક ચા બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે ઘણા મોટા નેતાઓ હાજર રહ્યા.

જેમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી અમિત શાહ, નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ, પીયૂષ ગોયલ, સંસદીય કાર્યમંત્રી કિરેન રિજીજુ, લોજપા નેતા ચિરાગ પાસવાન, શિવસેના સાંસદ શ્રીકાંત શિંદે, સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવ સહિત અન્ય લોકો હાજર રહ્યા. સત્ર દરમિયાન, કુલ ૧,૩૪૫ પેપર ગૃહના ટેબલ પર મૂકવામાં આવ્યા હતા. આ સત્ર દરમિયાન, ૨૨ જુલાઈના રોજ ઓલિમ્પિક ગેમ્સ માટે ભારતની તૈયારીઓ અંગે નિયમ ૧૯૩ હેઠળ ટૂંકા ગાળાની ચર્ચા કરવામાં આવી હતી. ૩૧ જુલાઈના રોજ, દેશના વિવિધ ભાગોમાં ભૂસ્ખલન અને પૂરને કારણે જાનમાલના નુકસાનના મુદ્દા પર નિયમ ૧૯૭ હેઠળ ધ્યાન દોરવાની દરખાસ્ત લેવામાં આવી હતી.

સત્ર દરમિયાન ૬૫ ખાનગી બિલ રજૂ કરવામાં આવ્યા હતા.ખાનગી સભ્યોના ઠરાવો વિશે વાત કરતાં, દેશમાં હવાઈ ભાડાંના નિયમન માટે યોગ્ય પગલાં લેવાના વિષય પર ચર્ચાના પ્રસ્તાવને પણ સ્વીકારવામાં આવ્યો હતો. જો કે આ અંગેની ચર્ચા હજુ પૂર્ણ થઈ નથી. સત્ર દરમિયાન, લોકસભાએ ૨૩ જુલાઈના રોજ યુનાઈટેડ રિપબ્લિક ઓફ તાન્ઝાનિયાના સ્પીકર અને IPU ના અધ્યક્ષ તુલિયા એકસનનું સ્વાગત કર્યું. તે જ સમયે, ૧ ઓગસ્ટના રોજ ગૃહે જાપાનના સંસદીય પ્રતિનિધિમંડળનું પણ ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

# સોસાયટી ફોર બ્રાઈટ ફયુચર દ્વારા અમરેલીનાં એડવોકેટ અજીમ લાખાણી બન્યા મીડિયા ઈન્ચાર્જ

### મિત્રો, શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા



અમરેલી, તા. ૯

સોસાયટી ફોર બ્રાઈટ ફયુયર (એસ.બી.એફ) કે જે ડિઝાસ્ટર મેનેજમેન્ટ (આપદા પ્રબંધક)માં રાહત કાર્ય કરે છે. સોસાયટી ફોર બ્રાઈટ ફયુયર ઈન્ડિયા લેવલ કામ કરતી સંસ્થા છે સોસાયટી ફોર બ્રાઈટ ફયુયર દ્વારા અમરેલી જીલ્લાનો ડિઝાસ્ટર અને ફાયરનો વર્ક શોપ યોજવામાં આવતો હતો. અને અમરેલીમાંથી નેશનલ લેવલ ટ્રેનિંગ અમરેલી જીલ્લામાંથી ૫ યુવાનો ટેનિંગ લઈ ચૂકયા છે અને સોસાયટી ફોર બ્રાઈટ ફયુયરના ટ્રેનર વોલિયન્ટર છે અને અમરેલી અને સૌરાષ્ટ્રમાં તોકતે વાવાઝોડામાં પણ સોસાયટી ફોર બ્રાઈટ ફયુયર દ્વારા સહાય મળેછે એડવોકેટ અજીમ લાખાણીને ગુજરાત સોશિયલ મીડિયા ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપવામાં આવી અને આગામી દિવસોમાં ગુજરાતના તમામ જીલ્લામાં સોશિયો મીડિયા ઈન્ચાર્જની નિમણૂક કરવામાં આવશે અને કોઈપણ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (આપદા પ્રબંધક) સેવા આપવા માંગતા હોઈ તો એડવોકેટ અજીમ લાખાણી અથવા સોસાયટી ફોર બ્રાઈટ ફયુયર (એસ.બી.એફ.) સંપર્ક કરી શકે છે.

# રાજુલા : લોહાણા સમાજનું ગૌરવ



રાજુલા તા.૯

ગુજરાત સરકાર દ્વારા અને સ્પોટ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભ ૨.૦ માં ૨૨. ૦૧. ૨૦૨૪ના રોજ યોગાની સ્પર્ધાનું આયોજન જિલ્લા કક્ષાએ રાખવામાં આવેલ જેમાં રાજુલા લોહાણા રઘુવંશી સમાજની માત્ર ૧૨ વર્ષની દીકરી રાજવી દીપકભાઈ રાયચાએ રાજુલાનું અને રઘુવંશી લોહાણા સમાજ તેમજ રાયચા પરિવારનું નામ રોશન કરવા બદલ ખુબ ખુબ અભિનંદન હજુ પણ આગળ વધો અને પ્રગતિ કરતા રહો વધે તમારી નામના એજ અમારી શુભ કામના રાજુલા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કરતા રહો તેવી પરિવાર તરફથી ખુબ ખુબ હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી.

### જવાહરલાલ નહેરૂ હોકી સ્પર્ધા

# સ્પર્ધા માટે શાળાઓએ તા.૨૦ ઓગસ્ટ સુધીમાં એન્ટ્રી મોકલવી

અમરેલી, તા.૯

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે અમરેલી જિલ્લા રમત અધિકારી કચેરી દ્વારા જવાહર નહેરૂ જુનિયર હોકી સ્પર્ધા–૨૦૨૪–૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાની તમામ શાળાના ખેલાડીઓને વિવિધ વયજૂથ પ્રમાણે નહેરૂ સબ જુનિયર હોકી ટુર્નામેન્ટ (અંડર–૧૫– તા.૦૧ નવેમ્બર, ૨૦૦૯ પછી જન્મ) ભાઈઓ તેમજ નહેરૂ જુનિયર હોકી ટુર્નામેન્ટ (અંડર–૧૭–તા.૦૧ નવેમ્બર, ૨૦૦૭ પછી જન્મ) ભાઈઓ અને બહેનો વર્ષ–૨૦૨૪–૨૦૨૫ સ્પર્ધાઓ યોજાશે. જિલ્લાની તમામ શાળાઓએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં તા.૨૦ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં શાળાની એન્ટ્રી, અમરેલી જિલ્લા રમત ગમત કચેરી, ચિતલ રોડ, ગોળ દવાખાનાની બાજુમાં અમરેલી પિન નં.૩૬૫૬૦૧ ને મોકલી આપવી. સ્પર્ધા સ્થળ, તારીખ સહિતની વિગતો ટીમને જાણ કરવામાં આવશે.

આ અંગે વધુ વિગતોની આવશ્યકતા હોય (૦૨૭૯૨) ૨૨૧૯૬૧ પર સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### મનીષ સિસોદિયા ૧૭ મહિના બાદ જેલમાંથી બહાર આવશે

# શરાબ કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાને આપ્યા જામીન

### સિસોદિયાની ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ધરપકડ કરવામાં આવી હતી : સર્વોચ્ચ અદાલતે તેમને ૧૦-૧૦ લાખ રૂપિયાના જામીન બોન્ડ પર જામીન આપ્યા

નવી દિલ્હી, તા.૯

દિલ્હી શરાબ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાના જામીન મંજુર કર્યા છે. આ કેસમાં સિસોદિયા ફેબ્રુઆરી ૨૦૨૩થી તિહાડ જેલમાં બંધ છે. હવે ૧૭ મહિના બાદ તે જેલમાંથી બહાર આવશે. દિલ્હી દારૂ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં મનીષ સિસોદિયાને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે તેમને જામીન આપ્યા છે. સિસોદિયાની ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તે સતત જેલમાં છે. સર્વોચ્ચ અદાલતે સિસોદિયાને ૧૦-૧૦ લાખ રૂપિયાના જામીન બોન્ડ પર જામીન આપ્યા છે. હવે તે જેલમાંથી બહાર આવશે.સુપ્રીમ કોર્ટે જામીન આપવા સાથે સિસોદિયાએ પોતાનો પાસપોર્ટ સરેન્ડર કરવો પડશે. દર સોમવારે IO ને રિપોર્ટ કરવો પડશે. સાક્ષીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરશે નહીં. સુપ્રીમ કોર્ટે તેને ટ્રાયલ કોર્ટમાં મોકલવાની ઈડીની માંગને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટે સમજવું જોઈએ કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. ટ્રાયલ પૂર્ણ કર્યા વિના કોઈને પણ જેલમાં રાખી શકાય નહીં અને સજા કરી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે સિસોદિયાને જામીન આપતાં કહ્યું કે સિસોદિયા લાંબા સમયથી જેલમાં છે, આ રીતે તેમને ઝડપી સુનાવણીના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. હવે સમય આવી ગયો છે કે નીચલી અદાલતો અને હાઈકોર્ટ એ સિદ્ધાંતને સમજે કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. મનીષ સિસોદિયાને જામીન માટે નીચલી અદાલતમાં મોકલવા એ ન્યાયનું અપમાન હશે, તેથી અમે તેમને જામીન આપી રહ્યા છીએ.

જામીન મળ્યા બાદ મનીષ સિસોદિયાના વકીલ ઋષિકેશ કુમારે કહ્યું કે સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાને જામીન આપી દીધા છે. આ એક ઐતિહાસિક નિર્ણય છે. મનીષ સિસોદિયા ૧૭ મહિના જેલમાં રહ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઈડીએ કહ્યું હતુ કે આ ટ્રાયલ ૬-૮ મહિનામાં ખતમ થઈ જશે, એવું લાગતું નથી. ઈડીના આરોપને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે મનીષ સિસોદિયાએ ટ્રાયલમાં વિલંબ કર્યો નથી.ઈડીએ કોર્ટ સમક્ષ માગ કરી હતી કે, મનીષ સિસોદિયા સચિવાલય અને સીએમ કાર્યાલયમાં પ્રવેશની મંજૂરી આપવામાં ન આવે. અરવિંદ કેજરીવાલ પર પણ આ પ્રકારના પ્રતિબંધ લાગુ હતા. જો કે, કોર્ટે ઈડીની આ માગ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. જો કે, તેમને અમુક નિયમોનું પાલન કરવા આદેશ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે નીચલી અદાલતે ઝડપી સુનાવણીના અધિકારની અવગણના કરી અને યોગ્યતાના આધારે જામીન રદ કર્યા નથી. અમે EDના પ્રારંભિક વાંધાને સ્વીકારવા તૈયાર નથી કે આ અરજી જાળવણી યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે મનીષને નીચલી કોર્ટ અને પછી હાઈકોર્ટમાં જવા કહ્યું હતું અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં આવવા માટે કહ્યું હતું. સિસોદિયાએ બંને કોર્ટમાં અરજીઓ કરી હતી. આ પછી મનીષે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. પ્રથમ આદેશ મુજબ ૬ થી ૮ મહિનાની સમય મર્યાદા વીતી ગઈ છે.

આ કેસમાં છેલ્લી સુનાવણી ૨૯ જુલાઈએ થઈ હતી. જેમાં ઈડીએ એફિડેવિટ દાખલ કરવા માટે સમય માંગ્યો હતો. આ પછી સુપ્રીમ કોર્ટે સુનાવણી સ્થગિત કરી દીધી. તમને જણાવી દઈએ કે સિસોદિયાની સીબીઆઈ દ્વારા ગત વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ અને ઈડી દ્વારા ૯ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડના બે દિવસ બાદ સિસોદિયાએ દિલ્હી કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું.

### પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિ કારોબારી સભાની બેઠક સંપન્ન

# અમરેલી જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ)ના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ

### પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિના અધ્યક્ષ અજય દહિયાનાં સૂચનો



અમરેલી, તા. ૦૯

અમરેલી જિલ્લા કલેક્ટર–વ–અમરેલી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિના અધ્યક્ષ અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે, અમરેલી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિની ચાલુ વર્ષ ૨૦૨૪–૨૦૨૫ની પ્રથમ કારોબારી સભાની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિના સભ્ય સચિવ–વ– નાયબ પશુપાલન નિયામક ડો. એસ.બી. કુનડિયાએ ગત બેઠકની કાર્યવાહી નોંધ સાથે અમરેલી જિલ્લા કામગીરીઓ વિશેની વિગતો રજૂ કરી હતી. આ બેઠકમાં કારોબારી સભામાં લેવાના થતાં એજન્ડાઓની ચર્ચા કરવામાં આવી હતી. ઉંદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ) ના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધના હુકમની અમલવારી કરવા માટે જિલ્લા કલેક્ટરએ સૂચના આપી હતી.

કલેકટરએ કહ્યુ કે, નગરપાલિકાઓ દ્વારા આ અંગે સવિશેષ કાળજી રાખવામાં આવે, ઉંદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ)નું વેચાણ કે ઉત્પાદન થતું હોય તો તેઅટકાવવામાં આવે. એસપીસીએ અમરેલી માટેની જમીન રંગપર રોડ પર ફાળવવામાં આવી છે તે માટે આગળની કાર્યાવાહીના પગલાઓ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી, અમરેલી માટે પશુચિકિત્સા અધિકારી અને ડ્રાઈવર સાથે વાહન રાખવા અંગેની કાર્યવાહી કરવા બાબતે જરૂરી સૂચનાઓ પણ અધ્યક્ષએ આપી હતી.

સમિતિના સભ્યો દ્વારા નવા સભ્યોની નિમણુક માટે રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરએ આ માટે યોગ્ય અરજીઓની ચકાસણી કરી આગળ ની પ્રક્રિયા હાથ ધરવા જણાવ્યુ હતુ. જીવા દયા ક્ષેત્રે ઉતકૃષ્ટ કામગીરી કરનાર સભ્યોનું સ્વાતંત્ર્ય પર્વ દરમિયાન સન્માન કરવા માટેની રજૂઆતને પણ જિલ્લા કલેક્ટરએ સંમતિ આપી જઢરી પ્રક્રિયા કરવા સૂચના આપી હતી.

આ બેઠકમાં અમરેલી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિના ઉપાધ્યક્ષ–વ–જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, અમરેલી નાયબ પોલીસ અધિક્ષક ગોહિલ, સરકારી વકીલ, સમિતિના સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા અંધશાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




દેશભરમાં ૯ ઓગષ્ટના રોજ યુવક કોંગ્રેસ દ્વારા ભારતીય યુવા કોંગ્રેસ સ્થાપના દિન નિમિતે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આ વર્ષે ૬૪માં ભારતીય યુવા કોંગ્રેસ સ્થાપના દિને દેશભરમાં યુવક કોંગ્રેસ દ્વારા 'એક પેડ ભારત કે ભવિષ્ય કે લિયે' ની મુહિમ ચલાવી રાષ્ટ્રવ્યાપી વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જે અંતર્ગત અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ સંદિપભાઈ ધાનાણીની અધ્યક્ષતામાં આજરોજ અમરેલી જિલ્લા અંધશાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં અંધશાળાનાં વિદ્યાર્થીઓને મોં મીઠા કરાવવામાં આવેલ હતા. આ પ્રસંગે જિલ્લા અંધશાળાના ટ્રસ્ટી દિલીપભાઈ પરીખની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ તકે જિલ્લા યુવક કોંગ્રેસના તેજસ મસરાણી, હિરેન ટીમાણીયા, પ્રહલાદ સોલંકી, આશિષ જેબલીયા, પ્રકાશ લાખાણી, નીમેષ અજાણી સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વર્ષ ૨૦૨૩–૨૪માં ૬૨૪૫૧ પ્રવાસીઓએ સફારી પાર્કની લીધી મુલાકાત

# ધારીનો સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો

**એશિયાઈ સિંહો સહિતનાં વન્ય જીવોને નજીકથી નિહાળવાનો પ્રવાસીઓએ લાભ લીધો**

**સફારી પાર્ક ખાતે ફૂડ કોર્ટ, વિશાળ પાર્કિંગ સહિતની આધુનિક સુવિધાઓ ઉભી કરાઈ**

**નજીકનાં ભવિષ્યમાં પ્રવાસીઓ સિંહ સહિતનાં વન્ય પ્રાણીઓની અવાજ સહિતની દુનિયા માણી શકશે**

**પ્રવાસન વિભાગ દ્વારા ઈન્ટર પ્રિટેશન સેન્ટર બનાવવામાં આવી રહ્યું છે**




અમરેલી, તા. ૮

અમરેલી ગીર એ એશિયાટિક સિંહોનું નિવાસસ્થાન છે. ગીરની એક આગવી ઓળખ એટલે એશિયાઈ સિંહનો આ વિસ્તારમાં વસવાટ! હવે, સિંહ સંવર્ધન પ્રત્યે જાગૃત્તિ વધતા સિંહોની વસતીમાં ઉત્તરોત્તર વધારો થયો છે.

વર્ષ ૨૦૨૦માં સિંહની વસતી વધીને ૬૭૪ થઈ છે. ધારી ગળધરા શ્રી ખોડીયાર મંદિર, ખોડિયાર ડેમ સાઈટ નજીક ધારી ખાતે અમરેલીનું નવું નજરાણું કહી શકાય એવો આંબરડી સફારી પાર્ક છે. ૩૮૦ હેકટર વિસ્તારમાં વિકસિત થયેલ આ સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં ૬૨,૪૫૧ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લીધી હતી.

દેશ–વિદેશથી ગીરની પ્રકૃતિને માણવા અને સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓએ એશિયાઈ સિંહો સહિતના વન્યજીવોને નજીકથી નિહાળવાનો લ્હાવો બસ સફારી કરીને માણ્યો છે. સફારી પાર્કમાં પ્રવાસીઓની સુવિધા માટે ધારી પૂર્વ વન વિભાગ દ્વારા ૨ એ.સી. અને ૩ નોન એ.સી. સહિત પાંચ બસ રાખવામાં આવી છે. વન્યજીવો માટે પીવાના પાણીની વ્યવસ્થા પણ નિયમિત રીતે કરવામાં આવે છે. વન્યજીવોને

અનુસંધાન પાના ૬ ઉપર

### સેશન્સ અને ડીસ્ટ્રીકટ કોર્ટમાં કેસ ચાલી જતા

## અમરેલી : પત્નીને મરી જવા મજબૂર કરનાર પતિને 3 વર્ષની સખ્ત કેદની સજા

**સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૯

અમરેલીના બાબાપુરના વતની અને હાલ અમરેલીમાં રહેતી એક પરણિતાને તેણીના પતિ પિયરમાંથી લઈ આવવા બાબતે અને ઘરકામ બાબતે યેનકેન પ્રકારે મેણા–ટોણા મારી, ઉશ્કેરણી કરી, પરણિતાને શારીરીક–માનસીક દુ:ખ ત્રાસ આપતા મરી જવા મજબુર કરતાં પરણિતાએ એસિડ પી જતા સારવાર દરમ્યાન મરણ ગયેલ ગયેલ. આ અંગેનો કેસ અત્રેની સેશન્સકોર્ટમાં ચાલી જતાં મૃતક પરિણીતાના આરોપી પતિને ત્રણ વર્ષની સખત કેદ અને રૂપિયા ૪ હજારના દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનવાની વિગત મુજબ, રાજકોટના રામોદ ગામે રહેતા પ્રેમજીભાઈ આણંદભાઈ રાઠોડના બહેન કંચનબેનના લગ્ન મુળ અમરેલી તાલુકાના બાબાપુર ગામના વતની અને હાલ અમરેલીના ચિત્તલ રોડ ઉપર આવેલ



એડવોકેટ મમતાબેન ત્રિવેદી

સર્વોદય સોસાયટીમાં રહેતા કાળુભાઈ આલાભાઈ ચાવડા સાથે સને. ૨૦૧૬માં થયેલા હતાં. કંચનબેનને તેણીના લગ્નના આશરે એકાદ વર્ષ બાદથી તેણીના પતિ કાળુભાઈ આલાભાઈ ચાવડા દહેજ પેટે ચીજવસ્તુ તથા રોકડ રૂપીયા પિયરમાંથી લઈ આવવા બાબતે અને ઘરકામ બાબતે યેનકેન પ્રકારે મેણાટોણા મારી, ઉશ્કેરણી કરી કંચનબેનને શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપતો હોય અને ગઈ તા. ૬/૪/૨૧ ના રોજ મારા તેણીના કાળુભાઈ નોકરી પર જતા સમયે મારી પોતાની પત્નિને સવારે મોઢું બતાવતી નહી. તેમ કહેતા ગયેલ હતા. આમ કંચનબહેનને મરી જવા મજબુર કરેલ હોય. જેથી ગત તા. ૭/૪/૨૧ ના રોજ કંચનબેને એસીડ પી જતા સારવાર દરમ્યાન તા. ૯/૪/૨૧ ના રોજ રાજકોટ ખાતે તેણીનું સારવાર દરમિયાન મોત નિપજેલ હતું.

આ અંગેનો કેસ અત્રેની સેશન્સકોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી સેશન્સ કોર્ટના જજ રિઝવાના બુખારીએ મૃતક પરિણીતાના આરોપી પતિ કાળુભાઈ આલાભાઈ ચાવડાને આઈ.પી.સી.કલમ ૩૦૬માં કસુરવાન ઠરાવી ત્રણ વર્ષની સખત કેદ અને રૂપિયા ૩ હજારના દંડની સજા તથા આઈ.પી.સી.કલમ ૪૯૮ (ક)માં કસુરવાન ઠરાવી એક વર્ષની સખત કેદ સજા તથા રૂપિયા એક હજારના દંડની સજાનો હુકમ કર્યો હતો.

### કપાસમાં દવા છાંટયા બાદ તે હાથે બીડી પીતા હોય

## અમરેલીનાં માલવણ ગામનાં વૃધ્ધનું ઝેરી દવાની અસરથી મોત નિપજયું

**સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૯

અમરેલી તાલુકાના માલવણ ગામે રહેતા ભુપતભાઈ શામજીભાઈ મકવાણા નામનાં ૬૧ વર્ષિય વૃધ્ધ ગત તા. ૭ના રોજ બપોરના ૪ થી સાંજના ૭:૩૦ દરમિયાન માલવાણ ગામની સીમમાં મુનાભાઈ બાલુભાઈ સાકળીયાની વાડીએ કપાસના વાવેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરેલ અને ત્યારે દવાવાળા હાથે બે ત્રણ વાર બીડી પીતા દવા ાસો ાસમાં ચડી જતા ઝેરી અસર થતા તેમને અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પાણી જેવી સુવિધાઓ જનતાને મળતી નથી

## બેજવાબદારી : જાફરાબાદનાં સામાંકાઠા વિસ્તારમાં પાલિકા દ્વારા પાણી વિતરણમાં ઠાગાઠૈયા

**ચીફ ઓફિસર સહિતનાં શાસકો ગંભીરતા દાખવે તેવી માંગ**

જાફરાબાદ, તા. ૯

જાફરાબાદના સામાકાંઠા અમુક વિસ્તારોમાં નવ–દસ દિવસો સુધી જીવન જરૂરી પાણી મળતું નથી પાણી બાબતે ફોન કરો તો વિતરણ કરે નહીં તો એની મરજી નવ–દસ દિવસ થવા છતાં પણ બે જવાબદાર પાલિકા તંત્ર કરી રહી છે. આંખ આડા કાન જાફરાબાદના સામાકાંઠે આવેલ સાંઈબાબા મંદિરના વિસ્તારોમાં ઘણા સમયથી પાણી વાપરવા માટે તથા પીવા માટે લોકો મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. નવ–દસ દિવસ સુધી પાણી વિતરણ કરવામાં આવતું નથી લોકોના છુટકે ૨૦૦ થી ૩૦૦ ખર્ચીને પાણીનાં ટાંકા મંગાવી રહ્યા છે. આ પાણીના લીધે કોલેરા જેવી બીમારી ઉત્પન્ન થઈ તો જવાબદારી કોની ઉનાળાની સીઝનમાં પણ પાણી માટે લોકો વલખા મારી રહ્યા હતા પરંતુ ચોમાસા દરમ્યાન પણ પાણી વિતરણ કરવામાં આવતું નથી પાલિકાની અણ આવડતના કારણે લોકોમાં રોષ ભભુકી રહ્યો છે.

## બાબાપુર નજીક કાવડ યાત્રાઓનું સ્વાગત



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

ભરૂચ જિલ્લાનાં સુનેવખુર્દ ગામનાં મારૂતિનંદન ગૃપનાં યુવાનો સોમનાથ સુધી કાવડ યાત્રા કરી રહ્યા છે. આજે તેઓ અમરેલીનાં બાબાપુર ગામ નજીક પહોંચતા ધાર્મિકજનોએ અલ્પાહાર સાથે તમામ પદયાત્રીઓનું ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)